
પ્રકરણ : ૨૧

# મોક્ષની સાબિતી

## પ્રકરણની રૂપરેખા

- પ્રાસ્તાવિક
- *મોક્ષની સાબિતિ
  1. સંસાર જ મોક્ષની સિદ્ધિ કરે છે
  2. સંસારદશા એ સોપાધિક હોવાથી નિરૂપાધિક એવી મોક્ષદશા પણ અવશ્ય હોવી જોઈએ
  3. સંસાર દશા સહેતુક હોવાથી તેના વડે અહેતુક મોક્ષની સિદ્ધિ થાય છે
  4. સર્વજ્ઞની સિદ્ધિથી મોક્ષની સિદ્ધિ છે
  5. આત્મા પોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે, પરિપૂર્ણ સ્વભાવની પ્રગટતા જ મોક્ષ છે.
- *મોક્ષ સંબંધી મિથ્યા માન્યતાઓનું નિરાકરણ
  1. સશરીરી અવસ્થા એ મોક્ષ નથી
  2. પુનર્ભવ એ મોક્ષનું સ્વરૂપ નથી
  3. પરિગ્રહ સહિતની અવસ્થા એ મોક્ષ નથી
  4. સુષુપ્ત અવસ્થા એ મોક્ષ નથી
  5. આત્માનો અભાવ એ મોક્ષ નથી
  6. પુલિંગ સિવાય અન્ય લિંગથી મોક્ષ નથી
  7. અંચલિકા
- ઉપસંહાર



**જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ;**
**તે કારણ છેદક દશા, મોક્ષ-પથ ભવઅંત.**

**ભાવાર્થઃ શુભાશુભભાવરૂપ જે કોઈ કર્મબંધના કારણો છે એ બધા બંધનો એટલે કે સંસારનો માર્ગ છે. અને શુભાશુભભાવોથી થતા કર્મબંધને છેદનારો વીતરાગભાવ એ મોક્ષનો માર્ગ છે કે જે સંસારનો નાશ કરનારો છે.**
(આત્મસિદ્ધિઃ ગાથા ૯૯)

કર્મના બંધનથી સંસાર છે અને તેના નાશથી મોક્ષ છે. સંસાર અને મોક્ષએકબીજાના વિરોધી છે. તેથી જે બંધનું કારણ હોય તેનાથી મોક્ષની પ્રાપ્તિ ન થાય. વિજાતીય કારણથી સજાતીય કાર્ય કેમ થાય ? ન જ થાય.

શુભાશુભભાવ એ કર્મબંધનનું અને તેથી થતા સંસારનું કારણ છે તેનાથી વિરુદ્ધ એવો વીતરાગભાવ એ કર્મના નાશનું અને તેથી થતા મોક્ષનું કારણ છે. આત્મા કર્મનો બાંધનાર છે. તેમ તેનો છોડનાર પણ છે. અશુભભાવથી તીવ્ર કર્મબંધ છે, શુભભાવથી તે કર્મબંધ મંદ છે, તેમ વીતરાગભાવથી તેનો છૂટકારો પણ છે જેને મોક્ષ કહે છે.

જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં. પણ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રથી કર્મબંધ થાય છે તેમ તેનાથી વિપરીત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે અને સમૂળગો નાશ પણ પામે છે. જેનું નામ મોક્ષ છે.

વર્તમાન પંચમકાળમાં મોક્ષનો સદ્ભાવ નથી. મોક્ષનો સદ્ભાવ હોય તો પણ તે છદ્મસ્થના જ્ઞાનનો વિષય નથી. તો તેવા મોક્ષને કઇ રીતે સ્વીકારી શકાય ? અને મોક્ષના સ્વીકાર વિના મોક્ષમાર્ગનો પુરુષાર્થ કઇ રીતે સંભવે ? મોક્ષનો સ્વીકાર કરીએ તોપણ જુદા જુદા પ્રકારના મતપક્ષો જુદા જુદા પ્રકારે મોક્ષને માને છે તો તેમાં કોની માન્યતાને સાચી માનવી ? આવી બધી સમસ્યાઓના નિરાકરણ માટે મોક્ષ છે અને તે જૈનમત અનુસાર જ છે તે સાબિત થવું જરૂરી છે. આ મોક્ષ પ્રત્યક્ષ પ્રમાણથી પ્રતિભાસતો નથી તોપણ પરોક્ષ પ્રમાણથી તેની સાબિતિ શક્ય છે.

## મોક્ષની સાબિતિ

**જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યા સફળ પ્રમાણ**
**તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ.**

**ભાવાર્થ : જેમ શુભાશુભકર્મના સદ્ભાવમાં સંસાર છે, પોતે તે સંસારના ફળને ભોગવતો તેને પ્રત્યક્ષ પ્રમાણપૂર્વક અર્થાત્ સત્ય અને સર્વાંગીણપણે જાણે છે. તેમ શુભાશુભકર્મનો અભાવ થતા તેના ફળરૂપ મોક્ષ છે, પોતે તે મોક્ષને પણ પરોક્ષ પ્રમાણપૂર્વક સારી રીતે સમજી શકે છે. જે બાબત મોક્ષને સાબિત કરે છે.** (આત્મસિદ્ધિ: ગાથા ૮૯)

જગતમાં આત્માનો સંસાર છે તો તેનાથી વિરુદ્ધ તેનો મોક્ષ પણ છે. આત્માની અશુદ્ધતા અને તેથી તેની વિસદૃશપણે પલટાતી અનેકરૂપ અસ્થિર પરિણતિ એ જ તેનો સંસાર છે. તેમ આત્માની શુદ્ધતા અને તેથી તેની સદૃશપણે પલટાતી એકરૂપ પરિણતિ એ જ તેનો મોક્ષ છે. આત્મા પોતાના ત્રિકાળ શુદ્ધ સ્વભાવથી તો મોક્ષસ્વરૂપ જ છે. આ શુદ્ધ સ્વભાવના આશ્રયે પરિણતિની અશુદ્ધતા ટળી શુદ્ધતા પ્રગટતા સંસાર ટળી મોક્ષ પ્રગટે છે. આ મોક્ષની સાબિતિ નીચેના મુદ્દાઓને આધારે આપવામાં આવે છે.

**૧. સંસાર જ મોક્ષની સિદ્ધિ કરે છે**

**૨. સંસારદશા એ સોપાધિક હોવાથી નિરૂપાધિક એવી મોક્ષદશા પણ અવશ્ય હોવી જોઈએ**

૩. સંસારદશા સહેતુક હોવાથી તેના વડે અહેતુક મોક્ષ સિદ્ધ થાય છે

૪. સર્વજ્ઞની સિદ્ધિથી મોક્ષની સિદ્ધિ છે

૫. આત્મા પોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે. પરિપૂર્ણ સ્વભાવની પ્રગટતા એ જ મોક્ષ છે.

## ૧. સંસાર જ મોક્ષની સિદ્ધિ કરે છે

**આત્માની અશુદ્ધ અવસ્થાને સંસાર કહેછે.**

આ વિશ્વની કોઇ પણ બાબત તેના વિરોધીના અસ્તિત્વ વગરની હોતી નથી. જગતમાં અંધારું છે તો અજવાળું પણ છે. દુર્જનો છે તો સજજનો પણ છે. જો જગતમાં બધાં દુર્જનો જ હોય અને કયારેય કોઇ સજ્જન હોય જ નહિ તો પછી દુર્જનને પણ દુર્જન કેમ કહેવાય ? તેથી જગતની કોઇ પણ બાબત, ઘટના, પરિસ્થિતિ કે અવસ્થા તેના વિરોધીના અસ્તિત્વ વિનાની હોતી નથી. વિરોધીનું અસ્તિત્વ હોવું એ એક સહજ સનાતન સિદ્ધાંત છે. આત્માની આકુળતામય અશુદ્ધ અવસ્થા છે. તો નિરાકુળતામય શુદ્ધ અવસ્થા પણ છે એટલે કે સંસાર છે તો મોક્ષ પણ છે. મોક્ષ ભલે આ કાળે આ ક્ષેત્રે નથી પણ તે અમુક કાળે અને અમુક ક્ષેત્રે અવશ્ય હોય છે. આ રીતે આત્માનો સંસાર જ તેના મોક્ષની સિદ્ધિ કરે છે.



કોઇ એમ કહે કે આત્માને સંસાર જ નથી તો પછી મોક્ષ કયાંથી હોય? તો તે વાત 'વજૂદ વિનાની છે. આપણે સૌ સંસારી જીવો છીએ અને સંસારથી પરિચિત છીએ. જન્મ-મરણ, ચારગતિ, પાંચપરાવર્તન એ સંસારનું સ્વરૂપ છે. વ્યવહારથી સ્ત્રી-પુત્ર-પરિવારને સંસાર કહેવામાં આવે છે. પણ નિશ્ચયથી પોતાના શુદ્ધ સ્વરૂપથી ચ્યૂત થઇને સતતપણે બહારમાં ભટકતી પોતાની પરિણતિ જ પોતાનો સંસાર છે. વિરોધીના અસ્તિત્વના સિદ્ધાંતની રૂએ પોતાની પરિણતિની અસ્થિરતારૂપ સંસાર છે તો તે જ પરિણતિની સ્થિરતારૂપ મોક્ષ પણ હોવો જોઇએ.

કોઇ એમ કહે કે આત્મા તો મુકત જ છે, પરમાત્મા જ છે. તો પછી મોક્ષ કોનો ? તો ભાઇ ! આત્મા પોતાના ત્રિકાળ દ્રવ્ય સ્વભાવે મુકત હોવા છતાં પલટતી પર્યાય અપેક્ષાએ બંધનમાં પણ છે. વર્તમાનમાં આપણો આત્મા પરતંત્ર છે તે જ તેના બંધનને બતાવે છે. ગાય, ભેંસ જેવા પશુઓ બંધનના કારણે પરતંત્ર હોય છે તેમ આપણો આત્મા પણ બંધનના કારણે પરતંત્ર હોય છે. આત્માના બંધનનું મૂળ કારણ પોતાના જ મોહ-રાગ-દ્વેષરૂપ વિકારીભાવો છે. જેના કારણે તે પરમાં ઇષ્ટ-અનિષ્ટપણું માને છે. અને તેથી પરસંયોગો અને શરીરને વશ રહી પરતંત્ર બને છે. જીવની પરતંત્રતા એ જ જીવનું બંધન છે. જે ત્રણ પ્રકારે છે:- વિકારી ભાવરૂપ ભાવકર્મનું બંધન, તેના કારણે થતું આઠ પ્રકારના પૌદ્‌ગલિક કર્મરૂપ દ્રવ્યકર્મનું બંધન અને તેના કારણે થતું શરીરાદિ સંયોગોરૂપ નોકર્મનું બંધન. આ ત્રણેય પ્રકારના કર્મબંધનના કારણરૂપ મોહ-રાગ-દ્વેષ મંદ થતા કર્મબંધન શિથિલ થાય છે, ઉપશમ પામે છે અને મોહ-રાગ-દ્વેષનો સર્વથા અભાવ થતા કર્મબંધન પણ ક્ષીણ થઇ નાશ પામે છે. જેને આત્માનો મોક્ષ કહે છે.

ઉપરોકત પ્રકારે આત્માનો સંસાર જ આત્માના મોક્ષને સિદ્ધ કરે છે.

## ૨. સંસાર દશા એ સોપાધિક હોવાથી નિરૂપાધિક એવી મોક્ષદશા પણ અવશ્ય હોવી જોઈએ.

આત્માની સોપાધિક દશા એ સંસાર છે અને તેથી વિરુદ્ધની નિરૂપાધિક દશા એ મોક્ષ છે. સોપાધિક દશા ક્ષણિક અને નાશવંત હોય છે. ઉપાધિ ટળી જતા સોપાધિક સંસારદશા ટળી મોક્ષ દશા પ્રગટે છે.

આપણા આત્માની વર્તમાન સંસારદશા એ તેની વિકારી દશા છે. વિકારી દશા એ કર્મોદયજન્ય ઉપાધિના વશે થયેલી પરસાપેક્ષ સોપાધિક અવસ્થા છે. આ સોપાધિક દશા એ કર્મોદય અનુસાર અનેક પ્રકારની વિચિત્રતા અને વિવિધતા દર્શાવતી અશુદ્ધ અવસ્થા છે. આ અવસ્થા ક્ષણિક અને નાશવંત હોય છે. તેથી તે કાયમી હોતી નથી. કર્મોદયજન્ય ઉપાધિ ટળતા તે ટળી જાય છે. તેથી નિરૂપાધિક શુદ્ધ સ્વભાવની પ્રગટતા થાય છે, જેને મોક્ષ કહે છે. આ રીતે સોપાધિક સંસાર જ નિરૂપાધિક મોક્ષનું પ્રતિપાદન કરનારું છે.

જેમ ઈંધનનો અગ્નિ પોતાની સ્વાભાવિક શુદ્ધતા અને પરિપૂર્ણતાવાળો હોવો જોઇએ. પણ જો આ ઈંધનમાં કોઇ ભેજજન્ય ઉપાધિ હોય તો જે અગ્નિ પ્રગટ થાય છે તે ધૂંધળો અને ધૂમાડાવાળો હોય છે અને ભેજજન્ય ઉપાધિ ટળી જવાથી આ અગ્નિ પૂર્ણ અને શુદ્ધરૂપે પ્રગટ થાય છે. તેમ આત્માની અવસ્થા પોતાના સ્વભાવ અનુસારની શુદ્ધ અને પરિપૂર્ણ હોવી જોઇએ. પણ જો આ આત્મામાં કોઇ


કર્મોદયજન્ય ઉપાધિ હોય તો જે અવસ્થા પ્રગટ થાય છે તે અપૂર્ણ અને અશુદ્ધ હોય છે અને કર્મોદયજન્ય ઉપાધિ ટળી જવાથી આ અવસ્થા પૂર્ણ અને શુદ્ધરૂપે પ્રગટ થાય છે, જેનું નામ મોક્ષ છે.

ઉપર મુજબ સોપાધિક સંસાર જ નિરૂપાધિક મોક્ષને સ્થાપનારો છે.

## ૩. સંસાર દશા સહેતુક હોવાથી તેના વડે અહેતુક મોક્ષ સિદ્ધ થાય છે.

**આત્માની અશુદ્ધ દશા એ સંસાર છે અને શુદ્ધ દશા એ મોક્ષ છે. અશુદ્ધ દશા સહેતુક હોય છે અને શુદ્ધ દશા અહેતુક હોય છે.**

સંસાર દશાનો હેતુ કર્મનો બંધ છે અને કર્મબંધનો હેતુ જીવના મિથ્યાત્વાદિ ભાવો છે. હેતુના હેતુના અભાવમાં હેતુમાનનો અભાવ થાય છે એટલે કે કારણનું જે કારણ હોય તેના અભાવમાં કાર્યનો અભાવ થાય છે. અહીં જીવને સંસારદશાના કારણભૂત કર્મબંધન છે અને કર્મબંધનનું કારણ જીવના મિથ્યાત્વાદિ ભાવો છે. જીવના મિથ્યાત્વાદિ ભાવોનો અભાવ થતા તેના કારણભૂત કર્મબંધન અને તેથી તેના કારણભૂત સંસારનો અભાવ થાય છે. આ રીતે સંસારદશા સહેતુક છે અને તેનો મૂળ હેતુ મિથ્યાત્વાદિ ભાવો છે. આ મિથ્યાત્વાદિ ભાવોનો અભાવ થતા તેના કારણભૂત સંસારનો પણ અવશ્ય અભાવ થાય છે. અને સંસારના અભાવથી આત્માની સહેતુક દશાનો અભાવ થઇ આત્માની અહેતુક દશા એટલે કે મોક્ષની ઉત્પત્તિ થાય છે. આ રીતે સહેતુક સંસાર વડે અહેતુક મોક્ષની સિદ્ધિ છે.



અનાદિકાળથી જીવને કર્મબંધન અને તેથી થતી સંસાર દશા છે. આ કર્મબંધની સંતતિનો છેદ થવાથી મોક્ષ દશા પ્રગટે છે. કર્મબંધન અને તેથી થતા સંસારનું મૂળ કારણ જીવનું મિથ્યાત્વ છે. જેમ મૂળના નાશથી વૃક્ષ પાંગરતું અટકી જાય છે અને તે ક્રમે કરીને નાશ પણ પામે છે. તેમ સંસારરૂપી વૃક્ષના મૂળરૂપ મિથ્યાત્વનો નાશ થવાથી તે સંસારવૃક્ષ પાંગરતું અટકી જાય છે અને તેનો ક્રમે કરીને નાશ થાય છે.

મિથ્યાત્વ ટળ્યા પછી કર્મબંધનનો એકદેશ કે આંશિક અભાવ થાય છે અને સ્વરૂપની સ્થિરતા વધતા ક્રમે કરીને તેનો સર્વથા નાશ પણ થાય છે. જેમ મેઘપટલના આંશિક નાશથી સૂર્યનો આછેરો પ્રકાશ પ્રગટ થાય છે અને તેના સર્વથા નાશથી સંપૂર્ણ પ્રકાશ પ્રગટ થાય છે. તેમ કર્મબંધનના આંશિક નાશથી આત્માની આંશિક શુદ્ધતા પ્રગટ થાય છે અને તેના સર્વથા નાશથી સંપૂર્ણ શુદ્ધતા પ્રગટ થાય છે જેને મોક્ષ કહે છે.

આ રીતે સંસારનો હેતુ કર્મબંધન છે અને તેનો અભાવ સંભવે છે. સંસારના હેતુનો અભાવ જ મોક્ષ હોવાથી મોક્ષ પણ સંભવે છે.

**પ્રશ્નઃ સંસારના હેતુભૂત કર્મબંધન અનાદિનો છે. જે અનાદિ હોય તે અનંત પણ હોય તેથી કર્મબંધનનો નાશ અને તેથી થતો મોક્ષ સંભવતો નથી?**

**ઉત્તરઃ** જીવની સાથે કર્મનો બંધ અનાદિનો છે. પણ તે કોઇ એક ને એક કર્મનો નથી પણ જુદા જુદા કર્મની સંતતિ-પરંપરાથી તે અનાદિનો છે. કેમ કે, કોઇ એક જ કર્મ અનાદિથી જીવની સાથે સંબંધમાં હોતું નથી. પણ જુદા જુદા કર્મની પરંપરાથી અનાદિનો સંબંધ છે. તેમાં જૂના કર્મોદયથી નવા કર્મનું બંધન થાય છે. તેથી નવા કર્મબંધનનું કારણ જૂના કર્મનો ઉદય છે. પણ આ કારણનું પણ કારણ જીવના રાગ-દ્વેષ-મોહાદિ વિકારી ભાવો છે. જો જીવ જૂના કર્મના ઉદય અનુસાર રાગાદિરૂપે ન પરિણમે અથવા અલ્પ રાગાદિરૂપે પરિણમે તો તે અનુસાર નવુ કર્મનું બંધન થતું નથી કે અલ્પબંધન થાય છે. તેથી બધું જ જીવના પોતાના પરિણામ અનુસાર છે. જીવ પોતે પોતાના પરિણામમાં સ્વતંત્ર અને સ્વાધીન છે. જીવ પોતે રાગાદિરૂપે ન પરિણમે તો નવું કર્મબંધન થતું નથી અને એ રીતે અનાદિ પરંપરાથી ચાલતી કર્મસંતતિનો છેદ થઇ કર્મબંધનો અભાવ થાય છે. અને મોક્ષ પ્રગટે છે.

કર્મભૂમિના જુગલિયા જીવો સ્ત્રી-પુરુષના યુગલમાં એક સાથે જન્મે છે. તેના જન્મ સાથે તેના માત-પિતા અવસાન પામે છે અને આ જુગલિયા ફરી નવા જુગલિયાને પેદા કરી પોતે મરણ પામે છે. આ રીતે તેની અનાદિની સંતતિ ચાલી આવતી હોય છે. પણ તેમાં કોઇ જુગલિયાનો પુરુષ પોતાની સ્ત્રીને વશ થઇ તેની સાથે સમાગમ ન રાખે તો તે પોતાનું આયુષ્ય પૂરું થતાં મરણ પામે છે. અને નવા જુગલિયાને જન્મ આપતો નથી. આ રીતે અનાદિ પરંપરાની સંતતિ ત્યાંથી અટકી જાય છે. તેમ જીવરૂપી પુરુષ કર્મોદયરૂપી સ્ત્રીને વશ થઇ રાગાદિભાવે ન પરિણમે તો કર્મબંધનની નવી સંતતિ પેદા થતી નથી અને જૂના કર્મની સ્થિતિ પૂરી થતાં કર્મના સમૂળગા અભાવથી ઉત્પન્ન થતા મોક્ષને પામે છે.

જેમ કોઇ વટવૃક્ષ અને તેના બીજની સંતતિ અનાદિ પરંપરાથી ચાલી આવે છે પણ તેમાં અંતિમ બીજને બાળી નાંખવાથી નવી સંતતિ પેદા થતી નથી. તેમ સંસારરૂપી વટવૃક્ષ અને તેના કર્મરૂપી બીજની સંતતિ અનાદિ પરંપરાથી ચાલી આવે છે પણ તે કર્મરૂપી અંતિમ બીજને એકવાર બાળી નાંખવાથી તેમાંથી નવો સંસારરૂપી વટવૃક્ષ અને તેના કારણભૂત કર્મની સંતતિ થતી નથી.

આ રીતે સંસારદશા એ કર્મોદય અને મિથ્યાત્વાદિ ભાવોના કારણે હોવાથી સહેતુક છે. આ હેતુના અભાવથી અહેતુક મોક્ષની ઉત્પતિ સંભવે છે. તેથી સહેતુક સંસાર વડે અહેતુક મોક્ષ સિદ્ધ થાય છે.

## ૪. સર્વજ્ઞની સિદ્ધિથી મોક્ષની સિદ્ધિ છે

**મોક્ષપ્રાપ્ત પરમાત્મા સર્વજ્ઞ હોયછે. તેથી સર્વજ્ઞની સિદ્ધિ એ મોક્ષની પણ સિદ્ધિ છે.**

આપણે સૌ અધુરા જ્ઞાનવાળા અલ્પજ્ઞ કે છદ્મસ્થ છીએ તો તેની સામે જગતમાં કોઇ પૂર્ણ જ્ઞાનવાળા સર્વજ્ઞ કે કેવળજ્ઞાની હોવા જોઇએ. વિરોધીના અસ્તિત્વના સિદ્ધાંતની રૂએ પણ અલ્પજ્ઞતા જ સર્વજ્ઞતાને સિદ્ધ કરે છે.



આપણો આત્મા અને જગતનો દરેક આત્મા પોતાના ત્રિકાળ સામાન્ય સ્વરૂપથી સર્વજ્ઞ સ્વભાવી છે. શક્તિ અપેક્ષાએ સર્વજ્ઞ હોવા છતાં તે વ્યક્તિ અપેક્ષાએ અલ્પજ્ઞ પણ હોય છે. આ અલ્પજ્ઞતાનું કારણ કર્મનું આવરણ અને તેથી થતો રાગ હોય છે. કર્મનું આવરણ દૂર થતા અને વીતરાગ દશા થતા સર્વજ્ઞ શક્તિની વ્યક્તતા બને છે. આપણી પોતાની દશામાં પણ આપણો રાગ તીવ્ર હોય ત્યારે આપણું જ્ઞાન *કુંઠિત* થઇ જાય છે. અને તે રાગ મંદ થતા જ્ઞાન વિકસે છે. આ રાગનો સદંતર અભાવ થતા પરિપૂર્ણ જ્ઞાન એટલે કે સર્વજ્ઞદશા પ્રગટે છે.

અધૂરા જ્ઞાનવાળા અલ્પજ્ઞ જીવોમાં પણ જ્ઞાનના ઉઘાડની *તારતમ્યતા* જોવા મળે છે. કોઇને જ્ઞાનનો એકદમ ઓછો ઉઘાડ હોય છે. કોઇને તેનાથી થોડો વધુ હોય છે. કોઇને તેનાથી પણ વધુ હોય છે. તેમ કોઇ પૂર્ણ જ્ઞાનના ઉઘાડવાળો જીવ પણ આ જગતમાં અવશ્ય હોય છે. જેમ પૂર્ણ ઉષ્ણતાએ પરિણમેલો અગ્નિ કોઇપણ દાહ્યને બાકી રાખ્યા વિના બધાંને પૂર્ણપણે બાળે છે, તેમ પૂર્ણ જ્ઞાને પરિણમેલો આત્મા કોઇપણ જ્ઞેયને બાકી રાખ્યા વિના બધાંને પૂર્ણપણે જાણે છે, જેને સર્વજ્ઞદશા કહે છે.

જો કોઇ એમ કહે કે અમને કોઇ સર્વજ્ઞ દેખાતા નથી. તેથી તેનો અમે સ્વીકાર કરતા નથી. પણ ભાઇ ! આ કાળે આ ક્ષેત્રે સર્વજ્ઞનો સદ્ભાવ જ નથી તો તે તમને કઇ રીતે દેખાય ? વળી જો તે હોય તે પણ તે આપણા જેવા છદ્મસ્થના જ્ઞાનનો વિષય પણ નથી. માત્ર સર્વજ્ઞ જ સર્વજ્ઞને જાણી શકે છે. તેથી તેનો નિષેધ કરવો યોગ્ય નથી. અત્યારે પણ વિદેહક્ષેત્રના સીમંધરાદિ વીસ તીર્થંકરો અને બીજા લાખો સામાન્ય કેવળીઓ મળીને અનેક જીવો સર્વજ્ઞ છે. અત્યાર સુધીમાં મોક્ષ પામેલ અનંત સિદ્ધ ભગવંતો સર્વજ્ઞ છે. તેથી જગતમાં ક્યાંક તો સર્વજ્ઞ હોય જ છે.

વળી જો કોઇ એમ કહે કે જગતમાં ક્યાંય પણ સર્વજ્ઞ હોતાં જ નથી. તો તેને પૂછીએ છીએ કે ભાઇ ! તમે કઇ રીતે જાણ્યું કે જગતમાં ક્યાંય સર્વજ્ઞ નથી ? જગતમાં ક્યાંય સર્વજ્ઞ નથી તેમ તમે પોતે સંપૂર્ણ જગતને જાણીને કહેતા હો તો તમે પોતે જ સર્વજ્ઞ થયા. કેમ કે, સંપૂર્ણ જગતના ત્રણ લોકને તેના ત્રણ કાળ સહિત જાણનારો જીવ પોતે જ સર્વજ્ઞ છે. હવે જો તમે પોતે સર્વજ્ઞ નથી તો તમે જગતના ત્રણ લોક અને ત્રણ કાળને જાણતા નથી. અને જાણ્યા વિના તમે કેમ કહી શકો કે જગતમાં ક્યાંય સર્વજ્ઞ નથી ? કોઇ ચીજમાં આપણને ગંધ જણાતી ન હોય તેથી એમ ન કહી શકાય કે તેમાં ગંધ નથી. કેમ કે, કોઇ પણ પૌદ્ગલિક પદાર્થ ગંધ વગરનો હોતો નથી. આપણી ઘ્રાણેન્દ્રિય એવી સતેજ નથી કે કોઇના પગલાની ગંધ ઉપરથી માણસને ઓળખી શકીએ. પણ કૂતરાની ઘ્રાણેન્દ્રિય આપણાથી હજારગણી વધુ સતેજ હોવાથી તે પગલાંની ગંધ પારખીને ચોરને પકડી શકે છે. આપણે જેની ગંધ પારખી ન શકીએ તેથી તેમાં ગંધ નથી તેમ કહી શકાય નહીં. તેમ આપણે સર્વજ્ઞને જાણી શકતા ન હોય તેથી જગતમાં ક્યાંય સર્વજ્ઞ નથી તેમ કહી શકાય નહિ.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ અને આત્મા જેવા અમૂર્તિક અને અતીન્દ્રિય પદાર્થો આપણા જેવા છદ્મસ્થના મતિ-શ્રુત જ્ઞાનનો વિષય નથી. પણ તે સર્વજ્ઞના કેવળજ્ઞાનનો વિષય છે. જગતના જો સર્વજ્ઞ ન હોય તો આવા અમૂર્તિક અને અતીન્દ્રિય પદાર્થોને કોણ જાણે ?

જગતનો કોઇ પણ પદાર્થ પોતાને પૂરેપૂરો પ્રસિદ્ધ કરનારો હોય તેવી તેનામાં પ્રમેયત્વ કે જ્ઞેયત્વ શક્તિ છે. આ પ્રમેયત્વ

શક્તિ કે ગુણ એ દરેક દ્રવ્યનો સામાન્ય ગુણ છે અને તેથી તેનું પરિણમન શુદ્ધ અને સ્વાભાવિક હોય છે. શુદ્ધ અને સ્વાભાવિક પરિણમન પરિપૂર્ણપણે હોય છે. પદાર્થના પ્રમેયત્વ કે જ્ઞેયત્વ ગુણનું શુદ્ધ અને સ્વાભાવિક પરિણમન હોવાથી પદાર્થ પોતાને પૂરેપૂરો પ્રસિદ્ધ કરે છે. પદાર્થ પોતાને પૂરેપૂરો પ્રસિદ્ધ કરે કે જણાવે છે તો તેને પૂરેપૂરો જાણનારો પણ કોઇ હોય જ અને તે જ સર્વજ્ઞ છે.

ઉપરોક્ત પ્રકારે સર્વજ્ઞની સિદ્ધિ છે. મોક્ષપ્રાપ્ત સિદ્ધ ભગવાન સર્વજ્ઞ હોય છે. તેથી સર્વજ્ઞની સિદ્ધિ એ જ મોક્ષની સિદ્ધિ છે.

## ૫. આત્મા પોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે. પરિપૂર્ણ સ્વભાવની પ્રગટતા એ જ મોક્ષ છે

આત્માની પરિપૂર્ણ અવસ્થાનું નામ મોક્ષ છે. આત્મા પોતાના ત્રિકાળ સામાન્ય સ્વભાવથી પરિપૂર્ણ છે.



આત્માની પરિપૂર્ણતાનું કારણ આ પ્રમાણે છે –

૧. આત્મા પોતાના સ્વભાવથી અખંડ, અભેદ અને એકરૂપ હોવાથી તે શુદ્ધ છે. અશુદ્ધતા પર સાપેક્ષતાથી આવે છે. પોતાનો સ્વભાવ પરમ નિરપેક્ષ હોવાથી પરમ શુદ્ધ છે. શુદ્ધતાના કારણે તેની પરિપૂર્ણતા છે.

૨. દરેક દ્રવ્ય અને આપણો આત્મા સત્‌સ્વરૂપી છે. સત્‌સ્વરૂપી હોવાના કારણે તે અનાદિ-અનંત છે. અનાદિ-અનંત હોવાના કારણે તે સ્વતઃસિદ્ધ છે. સ્વતઃસિદ્ધ દ્રવ્યનો સ્વભાવ દ્રવ્યને અનુકૂળ જ હોય અને પ્રતિકૂળ ન હોય. જો દ્રવ્યનો સ્વભાવ દ્રવ્યને પ્રતિકૂળ હોય તો દ્રવ્યનું દ્રવ્યપણું જ ન રહે અને તેથી દ્રવ્યનો જ અભાવ થાય. દ્રવ્યમાં જે પ્રતિકૂળપણે અનુભવાય છે તે તેનો વિભાવ છે પણ સ્વભાવ નથી. પ્રતિકૂળ વિભાવમાં આવરણ, ઊણપ અને અધુરપ હોય છે તેથી તેમાં અપૂર્ણતા હોય છે. અનુકૂળ સ્વભાવમાં આવરણ, ઊણપ કે અધૂરપ હોતી નથી તેથી તેમાં પરિપૂર્ણતા હોય છે. તેથી આત્મા પોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે.

૩. સ્વતઃસિદ્ધ દ્રવ્યનો સ્વભાવ અન્ય કારણોથી નિરપેક્ષ હોવાને કારણે તે અહેતુક પણ હોય છે. અહેતુક દ્રવ્યનો સ્વભાવ કોઇ પરની અપેક્ષા વિના જ સંપૂર્ણ સામર્થ્યની સભર એટલે કે પરિપૂર્ણ હોય છે.

૪. અહેતુક આત્મદ્રવ્યનો સ્વભાવ અમર્યાદિત હોય છે. જે કોઇ મર્યાદા હોય છે તે વિભાવને હોય છે પણ સ્વભાવને હોતી નથી. વિભાવની મર્યાદા હોવાથી વિભાવથી પાછું વળી શકાય છે અને તેથી તેનો અંત આણી અમર્યાદિત સ્વભાવની પ્રગટતા કરી શકાય છે. આત્મસ્વભાવની અમર્યાદિતતા એ જ તેની પરિપૂર્ણતા છે.

૫. જો આત્માનો સ્વભાવ પરિપૂર્ણ ન હોય અને અપૂર્ણ હોય તો તે અપૂર્ણતાની પૂર્તિ કોઇ વડે કરી શકાય નહિ. એક સરખો પરિપૂર્ણ સ્વભાવ દરેક આત્માનો ન હોય તો કોઇનામાં જ્ઞાન વધુ હોય, કોઇનામાં ઓછું હોય. કોઇનામાં સુખ ઓછું હોય અને કોઇનામાં વધુ હોય. આમ દરેક આત્માના સ્વભાવ અપૂર્ણ હોય તો અનેક પ્રકારના વધઘટવાળો થઇ જાય. તેથી જેટલા આત્મા હોય તેટલા જુદા જુદા દ્રવ્યો બની જાય. પણ જાતિ અપેક્ષાએ આત્માની એક જ જાતિ છે. જગતમાં જાતિ અપેક્ષાએ કુલ છ જ દ્રવ્ય છે તે પૈકી એક આત્મા છે. જાતિ અપેક્ષાએ બધા આત્મા એક જ જાતિના હોવાથી તેઓ બધાં પોતાના સ્વભાવથી એક સરખા પરિપૂર્ણ જ જાણવા.

ઉપર મુજબ આત્મદ્રવ્ય પોતાના ત્રિકાળ સામાન્ય સ્વભાવની અપેક્ષાએ પરિપૂર્ણ છે. પરિપૂર્ણ સ્વભાવના જેવી તેની પર્યાય પણ પરિપૂર્ણ સંભવે છે. જેનું નામ મોક્ષ છે. સામાન્યપણે દ્રવ્યના સ્વભાવ જેવી જ તેની પલટતી પર્યાય હોય છે. પણ આત્મદ્રવ્યની સંસારદશાની પર્યાયમાં અપૂર્ણતા અને પામરતા હોય છે. તેનું કારણ પરાશ્રય છે. પરાશ્રયનું કારણ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ ટળી જતા પરાશ્રય ટળી જાય છે અને સ્વાશ્રય પ્રગટ થાય છે. સ્વાશ્રયને કારણે આત્માની પરિપૂર્ણ પરમાત્મદશા પ્રગટે છે જેને મોક્ષ કહે છે.

આ રીતે આત્માનો પરિપૂર્ણ સ્વભાવ જ તેની પરિપૂર્ણ પર્યાય એટલે કે મોક્ષને બતાવનારો છે.

ઉપર મુજબ મોક્ષની સિદ્ધિ અને તેનો સ્વીકાર કર્યા પછી પણ મોક્ષ સંબંધી અનેક પ્રકારની માન્યતાઓ જોવા મળે છે. પારમાર્થિક મોક્ષ અને તેનો માર્ગ એક જ પ્રકારે હોય છે. જો કે તેનું કથન અનેક પ્રકારે કરી શકાય છે. તોપણ પારમાર્થિક મોક્ષ અને તેનો માર્ગ અનેક પ્રકારે હોતો નથી. મોક્ષ સંબંધી અનેક પ્રકારની માન્યતાઓ પૈકી જૈનમત

અનુસાર મોક્ષ સત્ય અને સનાતન છે. જૈન મત અનુસાર મોક્ષની માન્યતાની સિદ્ધિ માટે જૈનમત સિવાયના અન્યમતોની મોક્ષસંબંધી મિથ્યા માન્યતાઓનું નિરસન થવું જરૂરી હોય છે. તેથી અહીં મોક્ષ સંબંધી મિથ્યા માન્યતાઓનું નિરાકરણ કરવામાં આવે છે.

## મોક્ષ સંબંધી મિથ્યા માન્યતાઓનું નિરાકરણ

**અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;**
**તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક.**
**કયી જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ,**
**એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ.**

ભાવાર્થઃ મોક્ષનો સ્વીકાર કર્યા પછી પણ જગતના અનેક પ્રકારના ધર્મમતો અનેક પ્રકારે મોક્ષને કહે છે. તેમાં કયા ધર્મમતનો અભિપ્રાય સાચો છે તેનો નિર્ણય થઈ શકતો નથી.

મોક્ષ સંબંધી અનેક પ્રકારની માન્યતાઓ પૈકી કઈ માન્યતામાં, કઈ જાતિમાં, કયા વેષમાં મોક્ષ થાય એનો નિર્ણય ન થઈ શકે તો તેનો ઉપાય પણ કેમ બની શકે ? મોક્ષ સંબંધી અનેક પ્રકારની માન્યતાઓ જ આ મુશ્કેલી ઉભી કરે છે. (તેથી મોક્ષ સંબંધી મિથ્યા માન્યતાઓનું નિરાકરણ થવું જરૂરી છે) (આત્મસિદ્ધિઃ ગાથા ૯૩, ૯૪)

**મોક્ષના સાચા સ્વરૂપને સમજ્યા વિના મોક્ષપ્રાપ્તિનો ઉપાય કે મોક્ષનો માર્ગ સંભવી શકે નહિ. આત્મા પોતાના ત્રિકાળ સામાન્ય દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ મોક્ષસ્વરૂપી જ છે. તોપણ તેની વર્તમાન ક્ષણિક અવસ્થાની અપેક્ષાએ તે જ આત્મા સંસારસ્વરૂપી છે. આ સંસાર એ આત્મની પલટતી પર્યાય કે અવસ્થા અપેક્ષાએ છે અને મોક્ષ પણ તે જ પર્યાય અપેક્ષાએ પ્રાપ્ત કરવાનો છે. પોતાના શુદ્ધ દ્રવ્યસ્વભાવને છોડીને પોતાની બહારમાં ભટકતી પરિણતિ એ સંસાર છે અને તે જ પરિણતિ પોતાના શુદ્ધાત્મ સ્વરૂપમાં સ્થિત થઈને સ્થિર બને તેનું નામ મોક્ષ છે.**

**પોતાના ત્રિકાળ સામાન્ય શુદ્ધ દ્રવ્યસ્વભાવના જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણથી મોક્ષમાર્ગ અને મોક્ષની પ્રાપ્તિ હોય છે. વસ્તુના અનેકાંતસ્વરૂપના કારણે પોતાની અશુદ્ધ પર્યાય સમયે પણ શુદ્ધ દ્રવ્યસ્વભાવનો નિર્ણય થઈ શકે છે. પલટતી પર્યાય અપેક્ષાઓ આપણો આત્મા પામર હોવા છતાં તે જ આત્મા તે જ સમયે ત્રિકાળ ધ્રુવ દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ પરમાત્મા છે. આવા પરમાત્મતત્ત્વના જ્ઞાન, શ્રદ્ધાન અને આશ્રયથી જ પોતાની અવસ્થામાં પરમાત્મદશા એટલે કે મોક્ષદશા પ્રગટે છે. અન્યમતના વેદો અને ઉપનિષદો પણ પરમતત્ત્વને જાણવું, પ્રમાણવું અને માણવું તેને જ અમૃતદશા કે મોક્ષદશા માને છે. પરંતુ તેમનું આ પરમતત્ત્વ પોતાના આત્માની બહાર હોય છે. ખરેખર તો પોતાના શુદ્ધાત્માથી બહાર અન્ય કોઈ સાક્ષાત્ પરમતત્ત્વ હોય અને તેનું ધ્યાન કરવામાં આવે તો પણ તે સંસાર છે અને મોક્ષ નથી. પોતાની અંદરના જ પરમતત્ત્વના ધ્યાનથી જ મોક્ષમાર્ગ અને મોક્ષ હોય છે. કેટલાંક લોકો યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિના અષ્ટાંગ યોગ દ્વારા મોક્ષની પ્રાપ્તિ માને છે પરંતુ તેમાં શારીરિક અને માનસિક ક્રિયાઓ જ હોય છે અને ધ્યાનનું ધ્યેય શુદ્ધાત્માને બદલે શરીર સ્થિત કોઈ ચક્ર કે બાહ્ય વિષય હોય છે. પરંતુ આ પ્રકારે પરમાત્મદશા કે મોક્ષની પ્રાપ્તિ સંભવતી જ નથી. અન્યમતના મહર્ષિ દયાનંદ પોતે જ સ્વીકારે છે કે—**

**''હુ બ્રહ્માથી લઇને જૈમિની સુધીના ઋષિઓને માનું છું પણ આ પાંચ હજાર વર્ષમાં એવો કોઇ ઋષિ નથી થયો કે જેણે બ્રહ્મનો સાક્ષાત્કાર કર્યો હોય.''** (મહર્ષિ પતંજલિ પ્રણિત 'યોગદર્શન' ની પ્રકાશકીય પ્રસ્તાવનામાંથી)

**આત્માની પરમ શુદ્ધ, પરમ પવિત્ર, પરમ નિરપેક્ષ અને પરમ મુક્ત દશા એ મોક્ષ છે. શુદ્ધતા, પવિત્રતા, નિરપેક્ષતા અને મુક્તતાના કોઇ પ્રકાર હોતા નથી. તેથી મોક્ષના પણ કોઇ પ્રકાર નથી. અશુદ્ધ, અપવિત્ર, સાપેક્ષ અને બંધનયુક્ત હોવાથી સંસાર અનેક પ્રકારે છે તેમ મોક્ષ નથી.**

**આત્માનું અંતિમ ધ્યેય મોક્ષ છે. જગતના અનેક ધર્મમતો અનેક પ્રકારે મોક્ષને કહે છે. મોક્ષ સંબંધી માન્યતાના આધારે બધાં ધર્મમતો એકબીજાથી અલગ પડે છે. જૈનમતથી તો બાકીના બધાં તદ્દન અલગ જ છે. જૈનમતમાં મોક્ષનુ તાર્કિક અને બુદ્ધિગમ્ય સ્વરૂપ છે તેવું બીજે કયાંય નથી. જૈનમત અનુસાર મોક્ષનુ જેવું નિરૂપાધિક, નિર્દોષ, નિરૂપમ, નિરંજન, નિઃશરીરી, નિશ્ચળ, નિર્મળ, નિષ્કામ, નિરિન્દ્રિય, નિત્ય,નિરપેક્ષ, નિયત, નિરાપદ, નિર્બાધ, નિરાલંબન સ્વરૂપ છે તેવું બીજે કયાંય નથી.**

**જૈનમત સિવાયના અન્યમતોમાં મોક્ષ પામેલ પરમાત્માને સશરીરી, વસ્ત્રાભૂષણવાળા, ખાતા-પીતા, કોઇ તખ્ત કે આસન ઉપર બેસનારા, અસ્ત્ર-શસ્ત્ર રાખનારા અને સ્ત્રી સહિતના પણ દર્શાવે છે. જેવા સામાન્ય સંસારી જીવો રાગ-દ્વેષી અને મોહમુગ્ધ હોય છે તેવા આ પરમાત્મા પણ હોય છે. વિશેષમાં તેઓ તેને જગતની ઉત્પત્તિ, સ્થિતિ કે પ્રલયના કર્તા-હર્તા, વિશ્વના વ્યવસ્થાપક, અને**

સર્વશક્તિમાન માને છે. કેટલાંક મતો મોક્ષપ્રાપ્ત પરમાત્માને એક જ માને છે, કોઇ અનેક માને છે. કોઇ તેને સર્વવ્યાપક કહે છે તો કોઇ તેને વૈકુંઠવાસી કહે છે. કોઇ તેને નિરાકાર માને છે તો કોઇ તેને સાકાર માને છે. આમ મોક્ષ સંબંધી અનેક પ્રકારની મિથ્યા માન્યતાઓ પ્રવર્તે છે તે પૈકી કેટલીક મુખ્ય મિથ્યા માન્યતાઓનું નિરાકરણ આ નીચે આપવામાં આવે છે. જે નીચે પ્રમાણે છે –

**૧. સશરીરી અવસ્થા એ મોક્ષ નથી**

**૨. પુનર્ભવ એ મોક્ષનું સ્વરૂપ નથી**

**૩. પરિગ્રહ સહિતની અવસ્થા એ મોક્ષ નથી**

**૪. સુષુપ્ત અવસ્થા એ મોક્ષ નથી**

**૫. આત્માનો અભાવ એ મોક્ષ નથી.**

**૬. પુંલ્લિંગ સિવાય અન્ય લિંગથી મોક્ષ નથી**

## ૧. સશરીરી અવસ્થા એ મોક્ષ નથી

**આત્માની અશરીરી અવસ્થા એ મોક્ષ છે અને સશરીરી અવસ્થા એ મોક્ષ નથી.**

આત્મા અને શરીર એ તદ્દન ભિન્ન પદાર્થ છે. તેથી બન્ને વચ્ચે અત્યંતાભાવ છે. આત્મા ચૈતન્યમય અમૂર્તિક પદાર્થ છે અને શરીર એ પૌદ્ગલિક મૂર્તિક પદાર્થ છે. બે ભિન્ન પદાર્થના એકક્ષેત્રાવગાહ સંયોગને બંધ કહે છે. શરીરના સંયોગના કારણે આત્માને બંધ છે. શરીર સાથેના બંધના કારણે આત્માની સ્વાધીનતા કે સ્વતંત્રતામાં અટકાવ કે અડચણ આવે છે. તેથી શરીર એ આત્માની પરાધીનતા કે પરતંત્રતાનું કારણ છે. પરાધીનતા તેને કહેવાય કે જે અનિષ્ટ હોય તોપણ કરવું પડે અને પરતંત્રતા તેને કહેવાય કે પોતાના કાર્ય માટે પરની જરૂર પડે. જેમ પરાધીન માણસને શેઠની ચાકરી અને ગુલામી અનિષ્ટ હોવા છતાં કરવી પડે છે. તેમ પરાધીન આત્માને શરીર અને શરીર સંબંધિત બાબતોની સેવા અને સંભાળ અનિષ્ટ હોવા છતાં કરવી પડે છે. જેમ પરતંત્ર વ્યક્તિને પોતાના કાર્ય માટે બીજાની જરૂર પડે છે તેમ પરતંત્ર આત્માને પોતાના કાર્ય માટે શરીરની જરૂર પડે છે.

જ્યાં દુઃખ હોય ત્યાં બંધન હોય છે જેમ જેલમાં પૂરાઇ જવું તે દુઃખનું કારણ છે તેમ શરીરમાં જકડાઇ જવું એ આત્માને દુઃખનું કારણ છે. શરીર એ આત્માને દુઃખનું કારણ હોવાથી તે બંધન છે. અને જ્યાં બંધન છે ત્યાં મોક્ષ નથી.

**પ્રશ્નઃ અરિહંત ભગવાન સશરીરી છે અને મોક્ષ પ્રાપ્ત છે?**

ઉત્તરઃ અરિહંત ભગવાનનો ભાવમોક્ષ છે પણ દ્રવ્યમોક્ષ નથી. તેથી સશરીરી અરિહંત ભગવાન પણ સંસારી છે અને સિદ્ધ નથી.

અરિહંત ભગવાનને ચાર પ્રકારના ઘાતિકર્મોના અત્યંત અભાવથી અનંત ચતુષ્ટયની પ્રગટતા છે. પણ અઘાતિ કર્મોના સદ્ભાવના કારણે અનંત ચતુષ્ટય હોવા છતાં તે અવ્યાબાધપણે હોતું નથી. તેથી તેમને અનંત સુખ હોવા છતાં તે અનંત અવ્યાબાધ સુખ કહેવાતું નથી. શરીરના કારણે તેમને અસિદ્ધત્વનો દોષ છે. અને તેથી તેમનો મોક્ષ કહેવાતો નથી. માત્ર અશરીરી સિદ્ધ પરમેષ્ઠિ જ મોક્ષ પ્રાપ્ત પરમાત્મા છે. તેથી મોક્ષમાં અશરીરી સિદ્ધ ભગવાનનો જ સમાવેશ છે અને સશરીરી અરિહંત ભગવાનનો નહિ. જે મોક્ષ પામેલ પરમાત્માનું સ્વરૂપ સશરીરી માને છે તેના મોક્ષ અને સંસારમાં ફેર રહેતો નથી.

ઉપર મુજબ સશરીરી અવસ્થા એ મોક્ષ નથી તેમ સમજી શકાય છે.

## ૨. પુનર્ભવ એ મોક્ષનું સ્વરૂપ નથી

**પૌદ્ગલિક જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ, રાગાદિ ભાવકર્મ અને શરીરાદિ નોકર્મના સંબંધને ભવ કહે છે. ફરી ફરી જન્મ-મરણ થવા એ ભવનું સ્વરૂપ છે.**

ભવ અને ભવના ભાવનો અભાવ કરી મોક્ષ પામેલો આત્મા પુનર્ભવને પ્રાપ્ત થતો નથી. પુનર્ભવ એ સંસારનું સ્વરૂપ છે પણ મોક્ષનું સ્વરૂપ નથી. મોક્ષનું સ્વરૂપ અપુનર્ભવ છે. સંસાર અને મોક્ષનું સ્વરૂપ એક બીજાથી તદ્દન ભિન્ન અને વિરોધી છે. તેથી સંસારમાં જેમ પુનર્ભવ હોય છે તેમ તે મોક્ષમાં હોતો નથી. પુનર્ભવના અભાવના કારણે મોક્ષ પામેલ પરમાત્મા સંસારમાં ફરી અવતાર ધારણ કરતો નથી.

મોક્ષ પામેલ પરમાત્મા પણ અમુક અમુક કાળે પૃથ્વીનો ભાર ઉતારવા કે બીજા કોઇ વિશિષ્ટ કાર્ય માટે સંસારમાં ફરી ફરી અવતાર ધારણ કરતા હોય છે તેવા અવતારવાદની મિથ્યા માન્યતા ઘણી પ્રચલિત અને દૃઢ છે. તેથી તેની વધુ છણાવટ આ નીચે પ્રશ્નોત્તર દ્વારા કરવામાં આવે છે.

**પ્રશ્નઃ મોક્ષ પામેલ પરમાત્મા શા માટે ફરીને સંસારમાં અવતાર ધારણ કરતા નથી?**

ઉત્તરઃ જેમ બીજ બળી ગયા પછી તેમાંથી અંકુર ઉત્પન્ન થતું નથી. તેમ ભવના બીજરૂપ પૌદ્ગલિક કર્મના નાશ થયા

પછી ફરીને ભવરૂપ અવતાર થતો નથી. ડીંટા માંથી છૂટું પડેલું ફળ ફરી પાછું ડીંટે ચોંટતું નથી તેમ સંસારથી મુક્ત થયેલો પરમાત્મા ફરી પાછો સંસારનો ભવ ધારણ કરતો નથી. કેમ કે, ભવ અને ભવના ભાવના 'આત્યંતિક અભાવથી જ મોક્ષની ઉત્પત્તિ થાય છે. તેથી મોક્ષ પામેલ પરમાત્મા સંસારમાં પુનર્ભવ પામતા નથી.

**પ્રશ્નઃ મોક્ષમાં ભવ અને ભવના ભાવરૂપ કયા કારણોનો અભાવ છે કે જેના કારણે મોક્ષ પામેલ પરમાત્મા પુનર્ભવ પામી શકતા નથી ?**

**ઉત્તરઃ** પૌદ્ગલિક કર્મ-નોકર્મનો સંયોગ એ ભવનું કારણ છે અને ચિદ્વિકારરૂપ ભાવકર્મ એ ભવના ભાવનું કારણ છે. મોક્ષપ્રાપ્ત પરમાત્મામાં આવા બધા કારણોનો અભાવ છે. અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાય સંયુકત દ્રવ્ય એ કારણ અને અનંતરઉત્તરક્ષણવર્તી પર્યાય સંયુક્ત દ્રવ્ય એ કાર્ય હોય છે. મોક્ષદશા પામતા ભવના કારણરૂપ નામકર્મ જેવા અઘાતિકર્મોનો અભાવ હોય છે અને ભવના ભાવના કારણરૂપ મોહનીય જેવા ઘાતિકર્મોનો અભાવ હોય છે. મોક્ષ પામેલ પરમાત્મામાં ભવ અને ભવના ભાવનો સમૂળગો અભાવ હોવાથી તે પછીના કોઇપણ સમયમાં ક્યારેય ફરીને ભવ ધારણ કરતા નથી. આ રીતે મોક્ષમાં ભવ અને ભવના ભાવના કારણો ન હોવાથી પુનર્ભવ હોતો નથી.

વાસ્તવમાં મોક્ષ અને તેના સમાનાર્થી જે કોઇ નામો છે તે સઘળાં મોક્ષના અપુનર્ભવ સ્વરૂપને જ દર્શાવે છે.

**પ્રશ્નઃ મોક્ષના સમાનાર્થી નામો કયા છે ? તે મોક્ષના અપુનર્ભવ સ્વરૂપને કઇ રીતે દર્શાવે છે ?**

**ઉત્તરઃ** મોક્ષના સમાનાર્થી નામો આ પ્રમાણે છે - ૧. મોક્ષ, ૨. નિર્વાણ, ૩. નિવૃત્તિ, ૪. નિઃશ્રેયસ અને ૫. ભાસ્વર. આ બધાં નામો મોક્ષના અપુનર્ભવ સ્વરૂપને નીચે પ્રમાણે દર્શાવે છે.

**૧. મોક્ષઃ સમસ્ત પ્રકારના બંધનથી મુકત આત્માની દશાને મોક્ષ કહે છે.**

મોક્ષમાં ભવના કારણરૂપ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મનું બંધન નથી. તેથી મોક્ષનું સ્વરૂપ અપુનર્ભવ જાણવું.

**૨. નિર્વાણઃ ફરી ફરી જન્મ-મરણના અભાવપૂર્વકના પંડિતપંડિત મરણને નિર્વાણ કહે છે.**

નિર્વાણમાં ફરી જન્મનો અને સાંસારિક સંયોગોનો અભાવ છે. તેથી જેમ માખણનું ઘી થયા બાદ તેનું ફરી માખણ થતું નથી તેમ સંસારનો અભાવ કરી નિર્વાણ પ્રાપ્ત પરમાત્મા ફરી સંસારનો અવતાર ધારણ કરતા નથી.

**૩. નિવૃત્તિઃ વિષયકષાયરૂપ વૃત્તિઓના ઉત્થાનના અભાવને નિવૃત્તિ કહે છે.**

નિવૃત્તિમાં ભવમાંથી છૂટકારો હોવાથી ભવજન્ય ઉપાધિઓનો અભાવ છે. તેથી નિવૃત્તિનું સ્વરૂપ પણ અપુનર્ભવ જાણવું.

**૪. નિઃશ્રેયસઃ આત્માના સંપૂર્ણ અને અવિનાશી કલ્યાણ અને તેથી ઉત્પન્ન થતા શ્રેષ્ઠ સુખને નિઃશ્રેયસ કહે છે.**

નિઃશ્રેયસમાં આત્માનું અતીન્દ્રિય, અનુપમ, અનંત, અવિનાશી, અવ્યાબાધ સુખ હોવાથી તે દુઃખના કારણભૂત ભવ અને ભવના ભાવથી વિરુદ્ધ છે. તેથી નિઃશ્રેયસ એવા મોક્ષનું સ્વરૂપ પણ અપુનર્ભવ જાણવું.

**૫. ભાસ્વરઃ સૂર્યના દેદીપ્યમાન તેજસ્વી પ્રકાશને ભાસ્વર કહે છે.**

મોક્ષમાં પ્રગટ થયેલ ચૈતન્ય સૂર્યના અનંત જ્ઞાનરૂપી તેજસ્વી પ્રકાશને કારણે તેને ભાસ્વર કહે છે. મોક્ષનો ભાસ્વર ક્યારેય આથમતો નથી એટલે કે તે ફરી પાછો ભવરૂપ થતો નથી. આ રીતે મોક્ષનો સમાનાર્થી એવો ભાસ્વર પણ તેના અપુનર્ભવ સ્વરૂપને જ દર્શાવે છે.

ઉપર મુજબ મોક્ષ અને તેના સમાનાર્થી નામો તેના અપુનર્ભવ સ્વરૂપને જ દર્શાવે છે તેથી મોક્ષ પામેલ પરમાત્મા ક્યારેય કોઇ પણ સંજોગે ફરી સંસારમાં અવતાર ધારણ કરતો નથી.

**પ્રશ્નઃ મોક્ષ પામેલ પરમાત્મા દુષ્ટોના સંહાર કરવા અને ભકતોના ઉદ્ધાર કરવા સંસારનો અવતાર ધારણ ન કરે?**

**ઉત્તરઃ** ફરી અવતાર ધારણ કરવો એટલે કે પુનર્ભવ પામવો એ મોક્ષનું સ્વરૂપ જ નથી. મોક્ષનું સ્વરૂપ નિર્મોહી અને નિષ્કષાયી એવી વીતરાગ દશા છે. જે જીવ મોહથી 'અભિભૂત હોય તેને જ દુષ્ટોનો સંહાર કરવાનો દ્વેષભાવ કે ભકતોનો ઉદ્ધાર કરવાનો રાગભાવ હોય. આવો મોહી, રાગી કે દ્વેષી જીવ સંસારી પામરાત્મા હોય પણ સિદ્ધ પરમાત્મા ન હોય. તેથી મોક્ષ પામેલ પરમાત્મા આવા કાર્યો માટે ફરી સંસારનો અવતાર ધારણ કરે તે સંભવતું નથી.

વાસ્તવમાં દુષ્ટોને દંડ આપવો, ભક્તોનું ભલું કરવું, જીવોનું કલ્યાણ કરવું, જગતનો ન્યાય તોળવો જેવા પરલક્ષી કાર્યો પરમાત્માના નથી.

**પ્રશ્નઃ દુષ્ટોને દંડ આપવો, ભક્તોનું ભલું કરવું, જીવોનું કલ્યાણ કરવું, જગતનો ન્યાય તોળવો જેવા પરલક્ષી કાર્યો શા માટે પરમાત્માના નથી?**

**ઉત્તરઃ** વાસ્તવમાં કોઇ પણ પરલક્ષી કાર્ય કરવું એ આત્માનું સ્વરૂપ જ નથી. સંસારી જીવ પરલક્ષી કાર્યો કરવાનો રાગ, અભિમાન કે અભિપ્રાય કરે છે. પણ તે કોઇ પરલક્ષી કાર્યો કરતો નથી. પોતાના રાગને અને પરલક્ષી કાર્યોને નિમિત-નૈમિતિક સંબંધ હોવાથી વ્યવહારથી કે ઉપચારથી એમ કહેવાય કે આ જીવે પરલક્ષી કાર્યો કર્યા. પણ વાસ્તવમાં સંસારી જીવ પરલક્ષી કાર્યો કરતો નથી પણ તે સંબંધી રાગ જ કરે છે. મોક્ષપ્રાપ્ત પરમાત્મા પરિપૂર્ણ વીતરાગ છે. તેથી તેમના માટે પરલક્ષી કાર્યો કરવાનો કોઇ સવાલ જ નથી.

વીતરાગી ભગવાન જગતના જ્ઞાતા-દ્દષ્ટા છે પણ કર્તા-હર્તા નથી. તેથી દુષ્ટોને દંડ આપવો અને ભક્તોનું ભલું કરવું એ ભગવાનનું કાર્ય નથી.

જગતના જીવોનું કલ્યાણ પોતાના સ્વલક્ષી પુરુષાર્થ અને પરિણમનથી છે. પરમાત્મા તેના કર્તા નથી.

જગતના જીવો પોતાના કર્મ અનુસાર તેનું ફળ પામે તેવી કુદરતી ન્યાયની વ્યવસ્થા છે. તેથી જગતનો ન્યાય તોળનાર કોઇ પરમાત્માની જરૂર નથી. વળી પારકો ન્યાય તોળવો એ પરમાત્માનું કાર્ય જ નથી અને પરમાત્મા તેવી પારકી પંચાતમાં પડે પણ નહિ.

વળી પરમાત્મા આવા પરલક્ષી કાર્યો કરવા માટે સંસારમાં ફરી અવતાર ધારણ કરે તો પોતે મોક્ષનું ઉચ્ચ પદ અને સ્થાન છોડી સંસારનું નીચ પદ અને સ્થાન શા માટે ગ્રહણ કરે ? મોક્ષના અનંત અવ્યાબાધ સુખને છોડી સંસારના અનેક પ્રકારના અનંત દુઃખને શા માટે ભોગવે? પરમ મુકતદશાને છોડી કનિષ્ઠ બંધનદશાને શા માટે પામે ? ખરેખર તો મોક્ષ પામેલ પરમાત્મા આવું પરલક્ષી સાંસારિક કાર્ય કરવા માટે સંસારમાં ફરી અવતાર ધારણ કરે તો તેથી તે પરમાત્મા જ રહેતો નથી અને પામર બની જાય છે. અને જો મોક્ષનું સ્વરૂપ આવું ફરી અવતાર ધારણ કરવો પડે તેવું પનુર્ભવવાળું હોય તો આવા મોક્ષનો પુરુષાર્થ જ એળે જાય છે. તેથી પરમાત્માને પરસંબંધી કાર્યો કરનાર કે તે માટે પુનર્ભવ પામનાર ન માનવા.

**પ્રશ્નઃ પરમાત્મા પરસંબંધી કાર્યો ન કરનાર અને તે માટે પુનર્ભવ ન પામનાર હોય તો પરમાત્માને સર્વ શક્તિમાન, કરૂણાસાગર અને સર્વોચ્ય ન્યાયાધીશ માનવામાં આવે છે તે પણ શું મિથ્યા છે?**

**ઉત્તરઃ** પરમાત્માને સર્વશક્તિમાન, કરૂણાસાગર અને સર્વોચ્ચ ન્યાયધીશ માની શકાય છે. પણ તે આ રીતે-

**સર્વશક્તિમાનઃ** આત્માના અનંત ગુણો છે અને દરેક ગુણનું અનંત અપરિમિત સામર્થ્ય છે. પરમાત્માએ અનંતાનંત ગુણોનું પરિપૂર્ણ અનંત સામર્થ્ય પ્રગટ કરેલ છે. તેથી પરમાત્મા અનંતજ્ઞાન, અનંતસુખ, અનંત વીર્ય વગેરે અનંતાનંત ગુણોને તેના અનંત સામર્થ્યપણે પ્રગટ કરનાર છે. તેથી પરમાત્મા સર્વશક્તિમાન છે. પણ તેમની આ શક્તિ પોતા સિવાય પરમાં કામ કરતી નથી. ભગવાનને અનંતજ્ઞાન છે પણ તે પોતાનું કોઇ જ્ઞાન કોઇ બીજાને આપતા નથી કે બીજા કોઇ તે લઇ શકતા નથી. અનંતસુખમાંથી થોડુંક પણ સુખ બીજાને આપી શકાતું નથી. પરમાત્માનું વીર્ય અનંત છે. તે વીર્ય પોતાના સ્વરૂપની રચનામાં જ કામ કરે છે. પણ તે વીર્ય એટલે કે બળ બહારમાં કોઇ કામ કરતું નથી. વસ્તુનુ સ્વરૂપ જ એવું છે કે એક દ્રવ્યની શક્તિ વડે બીજા કોઇ દ્રવ્યનું કોઇ કામ થતું નથી. જો એક દ્રવ્ય બીજાનું કોઇ કામ કરે તો બે દ્રવ્ય ભેગા થઇને એક થઇ જાય પણ તેવું ક્યારેય બને નહિ. તેથી પરમાત્મા સર્વશક્તિમાન હોવા છતાં પરસંબંધી કાર્યો કરનાર કે તે માટે પુનર્ભવ પામનાર નથી.

વળી પરમાત્મા પરસંબંધી કાર્યો કરી શકે તેવા સર્વશક્તિમાન હોય તો કેટલાંક તુચ્છ કાર્યો કરવા માટે પણ તેમને અવતાર ધારણ કરવાની શું જરૂર પડે ? શું અવતાર ધારણ કર્યા વિના તેઓ કામ ન કરી શકે ? શું ફરી અવતાર ધારણ કાર્ય વિના તેમનું સર્વશક્તિમાનપણું કામ કરતું નથી ? ખરેખર તો કોઇ કાર્ય કરવા માટે અવતાર ધારણ કરવો પડે તો તે સર્વશક્તિમાનપણું જ નથી. વળી એ અવતારોમાં મચ્છ, કચ્છાદિ જેવા હીન તિર્યંચપર્યાયરૂપ પશુના અવતાર શા માટે ? હિરણ્યકશ્યપના વધ માટે કદરૂપા નરસિંહનો અવતાર કેમ કરવો પડે ? ખરેખર તો પરમાત્માએ એવા દુષ્ટને ઉત્પન્ન જ શા માટે કર્યો કે પછી તેના જ વધ માટે અવતાર ધારણ કરવો પડે ?

ઇસાઇ મતમાં પરમાત્માને સર્વશક્તિમાન માનવા છતાં તેમને વધસ્તંભ ઉપર જડી દઇ મારી નાંખવામાં આવે છે. આ રીતે શુક્રવારે મરણ પામ્યા પછી રવિવારે તેઓ

કબરમાંથી બેઠા થઇને સજીવન થાય છે ! જો તેઓ સજીવન થઇ શકતા હોય તો મર્યા શા માટે ? અને સજીવન થયા પછી તેનું શું થયું ? અત્યારે તેઓ ક્યાં છે ? અને શું કરે છે ? તેમનું સરનામું શું છે ? તો આવા પ્રશ્નોનો કોઇ ઉત્તર મળશે નહિ. પરંતુ કપોળકલ્પિત વાતો વહેતી મૂકી અને ચમત્કારો બતાવી ભોળા લોકોને ભરમાવવામાં આવે છે. સર્વશક્તિમાન ભગવાનની શક્તિ પરમાં પણ કાર્ય કરી શકતી હોય તો ભગવાનના મંદિરમાં ભગવાનની મૂર્તિને જ ચોરનારને ભગવાન કેમ રોકતો નથી ? અરે ! આતંકવાદીઓ ભગવાનના મંદિરમાં જ કાળો કેર વર્તાવી ભક્તોને ભડાકે દયે છે અને ભગવાન જોતાં જ રહી જાય છે ! રોજેરોજ માર્ગ અકસ્માતમાં મરણ પામતા લોકોમાં ભગવાનના દર્શન માટે તીર્થયાત્રાએ નીકળેલા શ્રદ્ધાળુઓ પણ હોય છે. તેથી ભગવાનનું સર્વશક્તિમાનપણું પરસંબંધી કાર્યોમાં હોય કે તે માટે પુનર્ભવ ધારણ કરતાં હોય તેમ માનવું યોગ્ય નથી.

**કરૂણાસાગર:** પરમાત્મા કરૂણાસાગર છે. પણ તેમની કરૂણા પોતાના આત્મા તરફની હોય છે. ભગવાન પોતાના સ્વરૂપમાં સ્થિત રહી તેને કોઇપણ પ્રકારના આવરણ, ઊણપ કે વિકારથી બચાવનાર હોવાથી તેઓ સ્વદયા ધરાવનાર છે. અને તે રીતે તેઓ પારમાર્થિકપણે કરૂણાસાગર છે. ભગવાનને શુભરાગનો તદ્દન અભાવ હોવાથી તેમને પરદયા બિલકુલ હોતી નથી. જ્ઞાની ધર્માત્માને સાધક અવસ્થામાં પોતાની ભૂમિકા અનુસારનો શુભરાગ હોય છે અને તે અનુસાર પરદયાનો ભાવ પણ હોય છે. યશોધર મુનિરાજના ગળામાં મરેલો સાપ નાખી શ્રેણીક રાજાએ ઘોર ઉપસર્ગ કર્યો પણ કરૂણાસાગર મુનિરાજે તેમને ધર્મોપદેશ આપી તેમનું કલ્યાણ કર્યું. દુશ્મન ઉપર પણ દયા રાખી તેનો ઉદ્ધાર કરે તે જ ખરો કરૂણાસાગર કહેવાય . પણ કોઇ કારણસર કોઇનો વધ કરે તે કરૂણાસાગર કહેવાય નહિ. કરૂણાસાગર પરમાત્મા કરૂણાને વશ પરસંબંધી કાર્યો કરવા અવતાર ધારણ કરતા હોય તો રામાવતારે રાવણનો સંહાર કર્યો અને કૃષ્ણાવતારે કંસનો અને જરાસંઘનો વધ કર્યો એમાં કઇ કરૂણા આવી ?

**સર્વોચ્ચ ન્યાયાધીશ:** પરમાત્મા સ્વ-પરનો, સુખ-દુઃખનો, ખરા-ખોટાનો, હેય-ઉપાદેયનો સર્વોત્તમ નિર્ણય કરનાર હોવાથી તે સર્વોચ્ચ ન્યાયાધીશ પણ છે. પણ આ પરમાત્મા પોતાનો જ ન્યાય તોળનારો છે અને પારકાનો નહિ.

પારકી પંચાતમાં પડે તેવો ન્યાયાધીશ પરમાત્મા હોઇ શકે નહિ. મુનિદશામાં પણ કોઇ પ્રતિબંધ, જવાબદારી કે ફરજ જેવું હોતું નથી કે જેના કારણે પારકી પંચાતમાં પડવું પડે તો પછી પરમાત્માને તો તે કેવી રીતે હોઇ શકે ? પૌદ્‌ગલિક કર્મતંત્રની રચનાના કારણે કુદરતી ન્યાયની વ્યવસ્થા છે અને તેથી દરેક જીવ પોતાના કર્મ અનુસારનું ફળ પામે છે. અને જેવા ભાવો કરે તેવા કર્મો બંધાય છે તેથી આ જગતનાં અન્ય કોઇ કાઝીની જરૂર નથી.

પરમાત્મા જગતના સર્વોચ્ચ ન્યાયધીશ હોય અને તે માટે પુનર્ભવ ધારણ કરનાર હોય તેવું માની શકાતું નથી. આ દુનિયામાં અત્યારે અપાર અન્યાયો જોવા મળે છે. સજ્જનો ભૂખે મરે છે અને દુર્જનો જલસા કરે છે. સાધુઓનું સન્માન નથી અને શેતાનોને 'શિરપાવ અપાય છે. ભોળાલોકો ભીખ માંગે છે અને ગૂંડાઓ રાજ કરે છે. એક બિલાડી બેહાલ જીવે છે અને બીજી સુવર્ણના પાત્રમાં દુધ પીએ છે. શેરીનો રખડતો કૂતરો ઘેરઘેર ભટકે છે ત્યારે બટકુ રોટલો પામે છે પણ શેઠનો પાળેલો કૂતરો મોટરમાં ફરે છે અને બિસ્કીટ આરોગે છે, દુનિયામાં આટલો બધો અન્યાય હોવા છતાં તેનો ન્યાય કરવા પરમાત્મા અવતાર ધારણ કેમ નથી કરતા ? અને પરમાત્માના અવતાર સમયે પણ શું આવો અન્યાય નથી હોતો ? પરમાત્માના અન્યાય સામે ''બળાપો કાઢતા કવિએ કહ્યું છે –

દેવડી એ દંડ પામે, ચોર મુઠી જારના;
ને લાખ ખાંડી લૂંટનારા,મહેફિલે મંડાય છે.
મને એ જ સમજાતું નથી કે આવુ શાને થાય છે?
ફૂલડા ડૂબી જતાં ને, પથ્થરો તરી જાય છે..।।

વૈદિકમતમાં પુનર્ભવની માન્યતા ઘણી પ્રચલિત હોવા છતાં તેના પતંજલિ, વ્યાસ, અક્ષપાદ જેવા કેટલાંક ઋષિઓ પુનર્ભવને સ્વીકારી શકતા નથી અને તેઓ પણ પુનર્ભવને શંકાસ્પદ જ માને છે.

ઉપરોક્ત ચર્ચાના આધારે પુનર્ભવ એ મોક્ષનું સ્વરૂપ નથી તેમ સમજી શકાય છે.

### ૩. પરિગ્રહ રહિતની અવસ્થા એ મોક્ષ નથી

**પરભાવ અને પરપદાર્થના ગ્રહણને પરિગ્રહ કહે છે. મિથ્યાત્વ, મોહાદિ પરભાવ એ અભ્યંતરપરિગ્રહ અને વસ્ત્ર, પાત્રાદિ પરપદાર્થ એ બાહ્ય પરિગ્રહ છે.**

અશરીરી પરમાત્માને શરીર જ નથી તો પછી બીજો પરિગ્રહ તો ક્યાંથી હોય ? વાસ્તવમાં ઇચ્છાને જ પરિગ્રહ કહ્યો છે.

મોક્ષ પામેલ પરમાત્મા સર્વપ્રકારની ઇચ્છાઓથી રહિત છે તેથી પણ પરિગ્રહથી રહિત છે.

સાચા મુનિઓ પણ દિગંબર દશામાં હોય છે અને તેમને શ્વેતાંબર, પિતાંબર, રક્તાંબર જેવા વસ્ત્રો હોતા નથી. શીતાદિ પરિષહથી બચવા માટે કે પોતાના વિષય વિકારાદિ ઢાંકવા માટે વસ્ત્રની જરૂર પડે, જે મુનિ દશામાં સંભવતું નથી. અલ્પ પણ પરિગ્રહ મુનિઓને હોતો નથી તો મોક્ષમાં તો ક્યાંથી હોય ? ન જ હોય.

કોઇ પરિગ્રહને કારણે પરમાત્માની શોભા અને સુંદરતા માને છે. પણ પરમાત્માની શોભા અને સુંદરતા તેના ગુણોથી અને પવિત્રતાથી છે. પરિગ્રહથી તો તે બિહામણા અને બિભત્સ બને છે. જટા, દાઢી, ભભૂતિ અને ચિત્રવિચિત્ર વેષથી બિહામણું અને બિભત્સ સ્વરૂપ જ બને છે. વળી અસ્ત્ર-શસ્ત્રનો પરિગ્રહ હોય તેવા ભગવાન કેમ હોય ? જેને કોઇને મારવાનો હિંસકભાવ હોય કે કોઇનાથી ભય હોય તેને જ હથિયારની જરૂર હોય. ભગવાન અહિંસક, નિર્ભય અને સ્વયંરક્ષિત છે તો પછી તેને હથિયાર શા માટે ? સામાન્ય સજ્જન પણ વિચિત્ર વેષવાળો કે હથિયારધારી હોતો નથી તો પરમાત્મા કેવી રીતે હોય ? તેથી કોઇપણ પરિગ્રહ ધરાવવો એ મોક્ષ પામેલ પરમાત્માનું સ્વરૂપ જ નથી.

## ૪. સુષુપ્ત અવસ્થા એ મોક્ષ નથી

**જ્ઞાન અને સુખ વિનાની ગાઢ નિદ્રા સમાન આત્માની અજાગૃત અવસ્થાને સુષુપ્ત અવસ્થા કહે છે.**

સાંખ્યમન આત્માની સુષુપ્ત અવસ્થાને મોક્ષ કહે છે પણ વાસ્તવમાં સુષુપ્ત અવસ્થા એ મોક્ષ નથી. મોક્ષમાં કોઇ મદ, ખેદ, શોક, સંતાપ સંભવતો નથી. કોઇ બોજો, પરિશ્રમ કે થકાવટ હોતી નથી. તેથી મોક્ષમાં કોઇ નિદ્રાની જરૂર હોતી જ નથી. વાસ્તવમાં મુનિદશામાં પણ બહુ અલ્પ નિદ્રા હોય છે તો મોક્ષ પામેલ પરમાત્મા ગાઢ નિદ્રામાં કેમ હોય ?

સુષુપ્ત અવસ્થામાં રહેલ પરમાત્માને કોઇપણ ક્રિયાથી રહિત માનવામાં આવે છે. તેમના જ્ઞાનનો પણ કોઇ ઉઘાડ હોતો નથી. અને જ્ઞાન વિના સુખ પણ ક્યાંથી હોય ? જ્ઞાન, સુખ અને ક્રિયા વિનાની અજાગૃત અવસ્થા એ મોક્ષ કેમ હોય ? મોક્ષમાં પરિપૂર્ણ જ્ઞાન, પરિપૂર્ણ સુખ અને સ્વભાવમાં સંપૂર્ણ સ્થિરતારૂપ પરિપૂર્ણ ક્રિયા હોય છે. તો પછી મોક્ષ પ્રાપ્ત પરમાત્મા પૂર્ણ જાગૃત કેમ ન હોય ? મોક્ષમાર્ગી ધર્માત્મા પણ સુષુપ્ત હોતા નથી તો મોક્ષ પ્રાપ્ત પરમાત્મા સુષુપ્ત કેમ હોય ? તેથી સુષુપ્ત અવસ્થાને મોક્ષ માનનાર મિથ્યા જ જાણવા.

## ૫. આત્માનો અભાવ તે મોક્ષ નથી

**આત્માના અસ્તિત્વના આત્યંતિક નાશને તેનો અભાવ કહે છે.**

સંસારનો અભાવ તે મોક્ષ છે પણ આત્માનો અભાવ તે મોક્ષ નથી. જેમ કોઇ વ્યક્તિ બેડીના બંધનમાંથી મુક્ત થતા તે વ્યક્તિના અસ્તિત્વનો અભાવ થતો નથી. તેમ કોઇ આત્મા કર્મબંધનથી મુક્ત થતા તે આત્માના અસ્તિત્વનો અભાવ થતો નથી. આત્માના અસ્તિત્વનો જ નાશ થાય તો તે નાશ પામીને ક્યાં જાય ? શેમાં ભળે ? અસ્તિત્વમય આત્માનો અભાવ શક્ય જ નથી. તેથી આત્માના અભાવને જ મોક્ષ માનનારા અજ્ઞાની જ જાણવા.

બૌદ્ધમત દીવાના બુઝાવા જેમ આત્માના અભાવને મોક્ષ માને છે. વાસ્તવમાં દીવાના બુઝવાથી દીવાનો સમૂળગો નાશ નથી. પુદ્ગલમય દીવાના બુઝાવામાં તેના પ્રકાશમય સ્વરૂપને બદલે અંધકારમય સ્વરૂપમાં પરિવર્તન થાય છે. પણ તેનો સમૂળગો અભાવ થતો નથી. તેમ ચૈતન્યમય આત્માના મોક્ષમાં તેની અશુદ્ધ અવસ્થાનું શુદ્ધ અવસ્થામાં પરિવર્તન થાય છે. પણ તેનો આત્યંતિક અભાવ થતો નથી. મોક્ષ એ આત્માના અપ્રતિમ અને અપૂર્વ પુરુષાર્થથી પ્રગટ થતી અલૌકિક અવસ્થા છે. જો મોક્ષમાં આત્માનો જ નાશ થતો હોય તો એવો કયો બુદ્ધિમાન હોય કે જે પોતાના નાશનો જ પુરુષાર્થ કરે ?

વૈશેષિકો આત્માના પચ્ચીસ ગુણો માને છે. તે પૈકી બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને સંસ્કાર નામના નવ ગુણોના અભાવથી આત્માનો મોક્ષ માને છે. આત્માના કોઇ પણ ગુણનો અભાવ થાય તો તે ગુણના આશ્રયભૂત ગુણીનો એટલે કે આત્માનો જ અભાવ થાય. સંસારદશામાં વિકૃત થઇ ગયેલા કે રુંધાઇ ગયેલા સઘળાં ગુણો મોક્ષમાં તેના પરિપૂર્ણ સામર્થ્યથી પ્રગટે છે. મોક્ષમાં આત્માના કોઇ પણ ગુણની હાનિ નહિ પણ તેનો લાભ જ હોય છે. તેથી મોક્ષમાં આત્માના કોઇ પણ ગુણનો અભાવ માનવો યોગ્ય નથી.

ચાર્વાકમત પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ અને આકાશ એ પાંચ મહાભૂતોના વિશિષ્ટ સંયોગથી ચૈતન્યમય આત્માની ઉત્પત્તિ માને છે અને તેના વિયોગથી આત્માનો અભાવ માને છે. તેથી તેની માન્યતા અનુસાર મોક્ષનો જ અભાવ છે. આત્મા અને તેના મોક્ષને માનનાર ન હોવાથી તેને નાસ્તિક કહેવાય છે. આત્મા એક આગવું અસ્તિત્વ ધરાવતો અતીન્દ્રિય મહાપદાર્થ છે. પરંતુ કોઇના સંયોગથી

ઉત્પન્ન થયેલ અવસ્થા નથી કે કોઇના વિયોગથી તેનો અભાવ થાય. સ્વતંત્ર સત્‌મય આત્મપદાર્થનો વિનાશ કે અભાવ માનવો બિલકુલ યોગ્ય નથી.

ઉપરોક્ત પ્રકારે આત્માનો અભાવ તે મોક્ષ નથી તે સમજી શકાય છે.

## ૬. પુંલ્લિંગ સિવાય અન્ય લિંગથી મોક્ષ નથી

**મનુષ્યની નરજાતિને પુંલ્લિંગ કહે છે.**

માત્ર પુંલ્લિંગના હોય તેવા કર્મભૂમિના આર્ય મનુષ્યો જ મોક્ષને યોગ્ય હોય છે. પુંલ્લિંગ સિવાય નપુંસકલિંગ અને સ્ત્રીલિંગથી મોક્ષ હોતો નથી.

નપુંસકલિંગથી મોક્ષ માનનારા તો કોઇ જાણીતા નથી. પણ સ્ત્રીલિંગથી મોક્ષ માનનારા ઘણાં બધાં છે. સ્ત્રીલિંગથી મોક્ષ માનનારા મોક્ષ પામેલ સ્ત્રીને દેવી તરીકે પૂજે છે. મોક્ષ પામેલ પરમાત્માની પત્નિનો પણ મોક્ષ માની તેનું નામ પરમાત્માની પણ પહેલાં લેવામાં આવે છે. આ રીતે સીતારામ, રાધાકૃષ્ણ, લક્ષ્મીનારાયણ, પાર્વતિપતે માં પત્નીને પ્રથમ રાખવામાં આવે છે. વધારે તો શું કહીએ પણ કેટલાંક જૈનમતાનુયાયીઓ પણ સ્ત્રીલિંગથી મોક્ષ માને છે. તેઓ ભગવાન ઋષભદેવની માતા મરુદેવીનો હાથીની અંબાડી ઉપર બેસીને મોક્ષ થયો માને છે. હાથીની અંબાડી ઉપરથી તો કોઇનો પણ મોક્ષ ન થાય. અને સ્ત્રીપર્યાયથી મોક્ષ કેવો ? તેઓ મૃગાવતી, ચંદનબાળા જેવી સ્ત્રીઓનો પણ મોક્ષ કહે છે. અરે ! વધુ તો શું કહીએ પણ ઓગણીસમા મલ્લિ તીર્થંકરને પણ સ્ત્રી માને છે. સ્ત્રીલિંગમાં મોક્ષની મિથ્યા માન્યતા ઘણાં લોકોમાં ઘર કરી ગયેલી હોવાથી તેનું નિરાકરણ આ નીચે વિસ્તૃત પ્રશ્નોત્તર દ્વારા કરવામાં આવે છે.

**પ્રશ્નઃ તીર્થંકર શા માટે સ્ત્રી પર્યાયમાં સંભવતા નથી ?**

**ઉત્તરઃ** સ્ત્રીપર્યાય અપવિત્ર અને અશુદ્ધ છે. તીર્થંકર ભગવાન પરમ પવિત્ર અને પરમ શુદ્ધ છે. તીર્થંકર ભગવાનને જન્મથી જ ઝાડો પેશાબ જેવી અશુદ્ધિ હોતી નથી. તો સ્ત્રીપર્યાયમાં સંભવતો માસિક ધર્મનો રકતસ્રાવ કેવી રીતે હોય ?

સમ્યગ્દષ્ટિ ધર્માત્મા સ્ત્રીલિંગનો છેદ કરનારા હોય છે. તેથી સમ્યગ્દર્શનના સદ્‌ભાવમાં નપુંસકવેદી કે સ્ત્રીવેદી આયુષ્ય કયારેય બંધાતું નથી. તીર્થંકર ભગવાન અનેક પૂર્વભવોથી સમ્યક્ત્વની આરાધના કરનારા હોય છે. તેથી તીર્થંકર મહાત્માને સ્ત્રીપર્યાય હોવાની વાત જ કેવી ?

તીર્થંકર ભગવાન પૂર્વના ભવમાં કેવળી કે શ્રુતકેવળીની સમીપમાં દર્શનવિશુદ્ધિ આદિ ષોડશકારણ ભાવના ભાવીને તીર્થંકર નામકર્મની ઉત્કૃષ્ટ પુણ્યપ્રકૃતિ બાંધનાર ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ધર્માત્મા હોય છે. આવા સમ્યગ્દષ્ટિ ધર્માત્માને સ્ત્રીવેદી આયુષ્ય કયારેય બંધાતું નથી. તીર્થંકર ભગવાન નામકર્મ, ગોત્રકર્મ, વેદનીયકર્મની ઉત્કૃષ્ટ પુણ્યપ્રકૃતિ બાંધનાર હોય છે તો તે આયુષ્યકર્મની હીન કક્ષાની સ્ત્રીવેદી પ્રકૃતિ કેમ બાંધે ?

ઓગણીસમા મલ્લિ તીર્થંકર પૂર્વભવમાં જંબુદ્રીપના વિદેહક્ષેત્રમાં વીતશોકા નામની નગરીમાં વૈશ્રવણ નામના રાજા હતા. તેઓએ રત્નત્રયધર્મની આરાધના કરી મુનિદીક્ષા અંગીકાર કરી ષોડશકારણભાવના ભાવીને તીર્થંકર નામકર્મ બાંધ્યું અને બાર અંગના જ્ઞાન વડે તેઓ શ્રુતકેવળી થયા. પછી મોક્ષમાર્ગની ચારેય આરાધના સહિત સમાધિમરણ પામીને અપરાજિત નામના પાંચમા અનુત્તર વિમાનના અહમિન્દ્ર થયા. અનુત્તર વિમાનના બધાં જ દેવો સમ્યગ્દષ્ટિ હોય છે અને ત્યાં દેવીઓ હોતી નથી. ત્યાંથી અવતરનાર કોઇ જીવ કયારેય સ્ત્રીપર્યાયમાં અવતરતો નથી. તો પછી અપરાજિત વિમાનની દેવ પર્યાયમાંથી [૧૯]*ચ્યવીને* ઓગણીસમા મલ્લિ તીર્થંકરનો જીવ સ્ત્રીપર્યાયમાં કઇ રીતે અવતરે ?

તીર્થંકર ભગવાન સર્વોત્કૃષ્ટ પુણ્યના ધણી હોય છે. સો સો ઇન્દ્રોથી પૂજ્ય હોય છે. સમવસરણમાં દિવ્યધ્વનિ વડે હિતોપદેશ આપનારા હોય છે. મુનિઓ અને દેવોની સભામાં હિતોપદેશ આપનારા તીર્થંકરની સ્થિતિ સ્ત્રીલિંગમાં હોવી સંભવતી નથી. તીર્થંકર ભગવાન સઘળાં પ્રકારે સર્વોત્કૃષ્ટ છે તો તે લિંગની બાબતમાં હીન કક્ષાના અને નિંદ્ય એવા સ્ત્રીલિંગી કેમ હોય ? ન જ હોય.

**પ્રશ્નઃ શા માટે સ્ત્રીલિંગને હીનકક્ષાનું અને નિંદ્ય માનવામાં આવ્યું છે ?**

**ઉત્તરઃ** સ્ત્રીઓમાં મોહ, રાગ, દ્વેષ, ભય, જુગુપ્સા, માયા, ઇર્ષ્યા, ચિત્તની ચંચળતા જેવા દુર્ભાવોની વિશેષતા રહેતી હોવાથી તેને આત્મિક ઉત્કૃષ્ટ પુરુષાર્થ માટે પ્રમાદી માનવામાં આવી છે. પ્રમાદની બહુલતાના કારણે જ સ્ત્રીઓને 'પ્રમદા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

સ્ત્રીના ભાવ એટલા દૃઢ હોતા નથી કે જેના કારણે તે નિકૃષ્ટ પાપ, ઉત્કૃષ્ટ પુણ્ય કે ઉત્તમ ધર્મ કરી શકે. આ કારણે

સ્ત્રીઓમાં શુભાશુભભાવની અને વીતરાગભાવની મર્યાદા છે.

સ્ત્રીઓની યોનિ, સ્તન, બગલ વગેરે અવયવોમાં સૂક્ષ્મજીવોની ઉત્પત્તિ થાય છે. પ્રતિ માસ રક્તસ્ત્રાવના કારણે શરીરની અશુદ્ધિ અને તેની સાથે ચિત્તની પણ અશુદ્ધિ હોય છે. સ્ત્રીઓમાં નિઃશંક એકાંતમાં ધ્યાન ધરવું અને વસ્ત્રાદિ પરિગ્રહોનો ત્યાગ સંભવતો નથી. જ્ઞાની ધર્માત્મા હોય તેવી સ્ત્રીઓ પણ અણુવ્રતથી આગળ વધી મહાવ્રત ધારણ કરી શકતી નથી, તેથી સ્ત્રીઓમાં સંયમદશા અને તેથી થતી કર્મોની નિર્જરા હોતી નથી.

ઉપર જેવા કારણોસર સ્ત્રીલિંગને હીન કક્ષાનું અને નિંદ્ય માનવામાં આવ્યું છે. તેથી કોઇ તીર્થંકર સ્ત્રી વેદી હોતા નથી.

**પ્રશ્નઃ સામાન્ય પણે તીર્થંકર સ્ત્રીવેદી હોય નહિ, પણ વર્તમાન હુંડાવસર્પિણી કાળના નિમિત્તે થતા અછેરાના કારણે ચોવીસ પૈકી માત્ર એક ઓગણીસમાં તીર્થંકર સ્ત્રી વેદી થયા છે ?**

**ઉત્તરઃ** હુંડાવસર્પિણીકાળના પ્રભાવે એવી કેટલીક ઘટનાઓ બનેલી છે કે જે સામાન્યપણે ન બનતી હોય એવી આશ્ચર્યકારી હોય છે. આ આશ્ચર્યકારી ઘટનાને અછેરા તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ કાળદોષથી થતા આવા અછેરા પ્રમાણ વિરુદ્ધ કદાપિ ન હોય. એટલે કે અછેરા એવા ન હોય કે જેના કારણે ન બનવા જેવી ઘટના બને. સોળમા, સત્તરમા અને અઢારમા ભગવાન તીર્થંકર, ચક્રવર્તી અને કામદેવ જેવી ત્રણ-ત્રણ પદવીના ધારક હતા અને ત્યારપછી એવો તો શું કાળદોષ થયો કે જેના કારણે ઓગણીસમા તીર્થંકર સ્ત્રીલિંગમાં અવતર્યા ? જો જો ખરેખર ઓગણીસમાં મલ્લિ તીર્થંકર સ્ત્રી વેદી હતા તો તેની પ્રતિમા સ્ત્રી વેદી શા માટે હોતી નથી ? તેથી અછેરાના કારણે પણ તીર્થંકરને સ્ત્રીવેદી માનવા યોગ્ય નથી. તીર્થંકર જેવા મહાપુરુષને સ્ત્રી કહેવી એ તેમની [13] **અશાતના છે.**

વાસ્તવમાં સ્ત્રીઓ [14] **પ્રવજ્યાને** પણ પામી શકતી નથી તો પછી મોક્ષને કઇ રીતે પામી શકે ?

**પ્રશ્નઃ સ્ત્રીઓ શા માટે પ્રવજ્યાને પામી શક્તી નથી ?**

**ઉત્તરઃ** જિનદીક્ષાને પ્રવજ્યા કહે છે. જેમ પુરુષો પ્રવજ્યા અંગીકાર કરી સાધુ દશા ધારણ કરી શકે છે તેમ સ્ત્રીઓ પ્રવજ્યા અંગીકાર કરી સાધ્વી દશા ધારણ કરી શકતી નથી.

સ્ત્રીઓ પાંચમા ગુણસ્થાનથી આગળ વધી શકે તેવો સ્વસન્મુખતાનો પુરુષાર્થ ઉપાડી શકતી નથી. સ્ત્રીઓનું પાપ પણ વધુમાં વધુ છઠ્ઠી નરક સુધી જઇ શકે ત્યાં સુધીનું અને પુણ્ય પણ વધુમાં વધુ સોળમા સ્વર્ગ સુધી જઇ શકે ત્યાં સુધીનું હોય છે. સ્ત્રીઓમાં પાપ અને પુણ્યની મર્યાદા છે તેમ તેના વીતરાગ ભાવ અને સંયમદશાની પણ મર્યાદા છે. તેથી સ્ત્રીઓ પાંચમા ગુણસ્થાનથી આગળ જઇ શકતી નથી. સ્ત્રીઓમાં પાંચમા ગુણસ્થાનવર્તી ઉત્કૃષ્ટ પ્રતિમાધારી આર્યિકા થઇ શકે છે પણ તેને પ્રવજ્યાને યોગ્ય પૂર્ણ સંયમ અને અઠ્ઠાવીસ પ્રકારના મૂળગુણ સંભવતા નથી.

જિનદીક્ષા નિગ્રંથ કે નિષ્પરિગ્રહી હોય છે. સ્ત્રીઓમાં નગ્ન દિગંબર દશા સંભવતી ન હોવાના કારણે તે નિગ્રંથ કે નિષ્પરિગ્રહી સંભવતી નથી. જિનેન્દ્ર ભગવાને સ્ત્રીઓનું લિંગ સાવરણ કહ્યું છે. તેથી સ્ત્રીઓ ઉત્કૃષ્ટ પ્રકારની જિનદીક્ષાને બદલે જઘન્ય પ્રકારની આર્યિકા દીક્ષા અંગીકાર કરી શકે છે. આર્યિકા દીક્ષાધારી સ્ત્રી એક વસ્ત્ર ધારણ કરનારી અને એકવાર ભોજન કરનારી હોય છે. સ્ત્રીઓ સાવરણ હોવાના કારણે પાંચમા સંયમાસંયમ ગુણસ્થાનથી આગળ વધી છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની પ્રવજ્યા અંગીકાર કરી શકતી નથી.

આ રીતે સ્ત્રીઓમાં પ્રવજ્યાનો જ અભાવ છે. અને પ્રવજ્યા વિના મોક્ષ તો હોતો જ નથી. તેથી સ્ત્રીલિંગથી મોક્ષનો અભાવ જ માનવો.

**પ્રશ્નઃ શા માટે સ્ત્રીલિંગથી મોક્ષનો અભાવ છે ?**

**ઉત્તરઃ** સ્ત્રીઓમાં સાતમી નરકને યોગ્ય પાપ થઇ શકતું નથી તેમ મોક્ષને યોગ્ય પુરુષાર્થ પણ થઇ શકતો નથી. પુરુષો કરતાં સ્ત્રીઓનું સ્નાયુબળ જ ઓછું નથી હોતું પણ મોક્ષપ્રાપ્તિને યોગ્ય પુરુષાર્થને અનુરૂપ આત્મબળ પણ ઓછું જ હોય છે.

સ્ત્રીઓમાં વજ્રઋષભનારાચ નામનું ઉત્તમ સંહનન સંભવતું નથી. અને આવા ઉતમ સંહનન વિનાનો જીવ શુકલધ્યાન ધારણ કરી કેવળજ્ઞાન અને મોક્ષ પામી શકતો નથી. ઉત્તમ સંહનનના અભાવના કારણે સ્ત્રીઓમાં મોક્ષનો પણ અભાવ છે.

વર્તમાન પંચમકાળમાં તો પુરુષોનો પણ મોક્ષ નથી પણ આજ સુધીમાં કોઇ પણ જીવ ક્યારેય સ્ત્રીલિંગથી મોક્ષ પામ્યો હોય તેવો સિદ્ધાંતમાં કોઇ ઉલ્લેખ નથી. તેથી સ્ત્રીલિંગથી મોક્ષનો અભાવ જ જાણવો.

**પ્રશ્નઃ સિદ્ધાંતમાં પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ એમ ત્રણેય પ્રકારના વેદ ધરાવનાર મનુષ્યનો**

**સમાનપણે મોક્ષ માનવામાં આવ્યો છે?**

**ઉત્તરઃ** સિદ્ધાંતમાં જે ત્રણેય વેદની અપેક્ષાએ મોક્ષ માનવામાં આવ્યો છે તે ભાવવેદની અપેક્ષાએ છે પણ દ્રવ્યવેદની અપેક્ષાએ નહિ. બહારમાં દ્રવ્યવેદ પુરુષનું હોય પણ અંદરમાં ભાવવેદ પુરુષ, સ્ત્રી કે નપુંસક પૈકી કોઈ પણ પ્રકારનું હોય શકે છે. સિદ્ધાંતમાં ભાવવેદની અપેક્ષાએ નવમાં ગુણસ્થાન સુધી ત્રણેય પ્રકારના વેદનો ઉદય કહ્યો છે અને તે રીતે ત્રણેય પ્રકારના વેદ ધરાવનારનો સમાનપણે મોક્ષ માનવામાં આવ્યો છે. નવમા ગુણસ્થાન પછી કોઇ પણ પ્રકારના ભાવવેદનો ઉદય હોતો નથી. સિદ્ધાંતમાં દ્રવ્યવેદની અપેક્ષાએ દ્રવ્યસ્ત્રીવેદનો ઉદય માત્ર પાંચમા ગુણસ્થાન સુધી જ કહ્યો છે. તેથી દ્રવ્યવેદી સ્ત્રીલિંગ પાંચમા ગુણસ્થાનની આગળ હોતું નથી. પાંચમા ગુણસ્થાનથી ઉપરના ગુણસ્થાનોમાં દ્રવ્યથી માત્ર પુરુષવેદીપણું જ હોય છે. તેથી પુંલ્લિંગ ધરાવતો મનુષ્ય જ મુનિદશા, અરિહંતદશા અને અયોગીકેવળીની દશા ધરાવી મોક્ષને પ્રાપ્ત થાય છે.

જો દ્રવ્યવેદની અપેક્ષાએ પુરુષ, સ્ત્રી અને નપુંસકનો એક સરખો મોક્ષ થતો હોય તો જગતમાં નપુંસક મનુષ્યો પણ મોક્ષે જવા જોઇએ. પણ ક્યારેય કોઇ પણ નપુંસક મોક્ષે ગયો હોય તેવું કોઇ કહેતું નથી. નપુંસકમાં પુત્રપ્રાપ્તિને યોગ્ય શારીરિકવીર્યનો અભાવ છે તેમ મોક્ષપ્રાપ્તિને યોગ્ય આત્મિકવીર્યનો પણ અભાવ છે. સ્ત્રીઓમાં પણ પ્રવ્રજ્યાને યોગ્ય આત્મિકવીર્ય નથી તો મોક્ષને યોગ્ય કઇ રીતે હોય છે? ન જ હોય.

**પ્રશ્નઃ અત્યારે સ્ત્રીઓને પુરુષની સમોવડી માનવામાં આવે છે. કેટલીક બાબતોમાં તો સ્ત્રીઓ પુરુષથી પણ આગળ છે. તો પછી મોક્ષ માટે તમે તેને શા માટે પાછળ રાખો છો?**

**ઉત્તરઃ** સામાન્ય રીતે બુદ્ધિ, બળ, કાર્યક્ષમતા, સ્થિરતા, એકાગ્રતા જેવી બાબતોમાં સ્ત્રીઓ કરતાં પુરુષો ચઢિયાતાં હોય છે. ઊંચા પ્રકારની ઋદ્ધિઓ પુરુષોમાં જ હોય છે. પુરુષોમાં કયારેક કોઇક બત્રીસ લક્ષણો હોય છે. પણ સ્ત્રીઓમાં આવા બત્રીસેય લક્ષણો હોય તેવું કયારેય સાંભળવામાં આવ્યું નથી. પણ વર્તમાન વૈશ્વિકકરણ (Globalization) ના યુગમાં વ્યસન અને વિષયાસક્તિનો ભોગ બનેલા કેટલાંક યુવાનો પોતાનું "ખમીર ખોઇ બેસે છે. યુવતીઓમાં આ પ્રકારનું દૂષણ હોતું નથી. સ્વભાવથી જ શાંત, સૌમ્ય, સહિષ્ણુ અને સુકોમળ પ્રકૃતિ ધરાવતી પ્રતિભાશાળી યુવતીઓ જીવનના ઘણા ક્ષેત્રોમાં આગળ હોઇ શકે છે. પણ તેથી તેની સ્ત્રીસહજ મર્યાદાઓ મટી જતી નથી.

સ્ત્રીસહજ મર્યાદાઓને કારણે પારમાર્થિક મોક્ષમાર્ગ અને મોક્ષ માટે જે સંયમ અને સાધનાની જરૂર હોય છે તેમાં સ્ત્રીઓ અમુક હદથી આગળ વધી શકતી નથી. તેથી તે મોક્ષમાર્ગ અને મોક્ષની બાબતમાં પુરુષથી પાછળ જ હોય છે. તોપણ જગતમાં તીર્થંકર જેવા મહાપુરુષોને જન્મ આપનારી કલ્યાણકારી માતાઓ, અનેક આપદાઓમાં પણ અડીખમ ઉભી રહેનારી સમ્યગ્દષ્ટિ સતીઓ, અને મોક્ષમાર્ગની આરાધનામાં "અનુરક્ત આર્યિકાઓ પૂજ્ય હોય છે.

## મોક્ષ સંબંધી મિથ્યા માન્યતાઓનું નિરાકરણની અંચલિકા

જીવનના સહજ શુદ્ધ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ જેવી જ પલટતી અવસ્થા થવી તેનું નામ મોક્ષ છે. અશુદ્ધ અવસ્થારૂપ હોવાને કારણે જેમ સંસાર અનેકરૂપ હોય છે તેમ મોક્ષ હોતો નથી. મોક્ષ આત્માની પરમ પવિત્ર શુદ્ધ સહજ અવસ્થા હોવાથી તે એક જ પ્રકારે હોય છે.

જગતના જુદા જુદા અનેક ધર્મમતો મોક્ષને જુદા જુદા અનેક પ્રકારે કહે છે. પરંતુ જગતમાં જેમ અસલી ચીજ એક જ પ્રકારે હોય છે અને નકલી ચીજ અનેક પ્રકારે હોય છે, તેમ વીતરાગ સર્વજ્ઞ જિનપ્રણીત અસલી મોક્ષ એક જ પ્રકારે અને સરાગી છદ્મસ્થ કપિલાદિ પ્રણીત નકલી મોક્ષ અનેક પ્રકારે જોવા મળે છે.

અન્યમતો જગતનો કર્તા-હર્તા હોય એવા મોક્ષપ્રાપ્ત પરમેશ્વરને માને છે. અન્યમતો પોતાના જેવા પરમેશ્વરને ન માનનાર હોવાથી જૈનમતને નિરિશ્વરવાદી કે નાસ્તિક કહે છે. અને આવી વાત સાધારણજનોને સીધી ચોટ કરે છે. જૈનો ઇશ્વરને જ માનતા નથી. જગતના કર્તા-હર્તા વિના આ વિશ્વની વ્યવસ્થા કેમ ચાલે? જૈનો સાવ નાસ્તિક જ છે. તેની કોઇ વાત સંભળાય જ નહિ. પણ ઇશ્વરે આ જગતની રચના કરી તેમાં આવા અનેક પ્રકારના ધર્મમતો શું કામ મૂકયા કે જેથી જીવો ભ્રમણામાં પડી જાય? કદાચ એ ભગવાનની ભૂલ હશે. પણ તેને મહાવીર જેવા પુરુષને જન્મ જ શા માટે આપ્યો કે જે જનક ઉપર જ કુઠારાઘાત કરે? પોતાના જ પગ ઉપર પોતે જ કુહાડો મરાવે તે ઇશ્વર કેવા?

જૈનમતના ભગવાન મહાવીર કે અન્યમતના કપિલાદિને આપણે કોઇએ પ્રત્યક્ષ જોયા નથી. તે કોઇ આપણા મિત્ર કે

શત્રુ નથી. પરંતુ મોક્ષમાર્ગ અને મોક્ષસંબંધી જેના વચનો પ્રમાણભૂત હોય, બુદ્ધિગમ્ય હોય, તર્કશુદ્ધ હોય અને કોઇપણ કસોટીથી કસી શકાય તેવા હોય તેને જ ગ્રહણ કરવા જોઇએ. શ્રી હરિભદ્રસૂરિના શબ્દોમાં —.૦

**पक्षपातो न मे वीरे, न द्वेष कपिलादिषु ।**
**युक्तिमद्वचनं यस्य, तस्य कार्य परिग्रह : ।।**

**ભાવાર્થ: અમને જૈનમતના મહાવીર પ્રત્યે એવો કોઈ પક્ષપાત નથી કે જેના કારણે આંખો મીંચીને તેનું અનુકરણ કરીએ અને અન્યમતના કપિલાદિ પ્રત્યે કોઈ દ્વેષ નથી કે તેની વાત ન વિચારીએ પરંતુ અમારી સ્પષ્ટ વિચારસરણી એ છે કે જેના વચનો યુક્તિયુક્ત હોય તેને જ સ્વીકારવા જોઈએ.** (લોકતત્ત્વ નિર્ણય: અ.૧, શ્લોક ૩૮)

## ઉપસંહાર

આત્માનું હિત એક માત્ર મોક્ષ અને મોક્ષમાર્ગમાં છે. મોક્ષની પ્રાપ્તિ માટે મોક્ષના સ્વરૂપને સમજવો જરૂરી છે. પણ તે પહેલા મોક્ષને માનવો જરૂરી છે. મોક્ષને માનવા કે સ્વીકારવા માટે તેની સિદ્ધિ જરૂરી છે. વર્તમાનમાં મોક્ષ નથી અને મોક્ષ હોય તોય આપણા જ્ઞાન વડે પ્રત્યક્ષ વિષય નથી. તેથી પરોક્ષપ્રમાણ વડે મોક્ષની સાબિતિ આપવામાં આવે છે.

સંસારનો સ્વીકાર હોવાથી તેના પ્રતિપક્ષી મોક્ષનો સ્વીકાર થઇ શકે છે. સર્વજ્ઞની સિદ્ધિ વડે પણ મોક્ષની સિદ્ધિ થઇ શકે છે. આત્મસ્વભાવની પરિપૂર્ણતા નક્કી કરીએ તો તેના વડે પરિપૂર્ણ સ્વભાવની પ્રગટતારૂપ મોક્ષ પણ નક્કી થાય છે. સંસારનું સોપાધિક અને સહેતુક સ્વરૂપ જ નિરૂપાધિક અને અહેતુક મોક્ષને દર્શાવે છે.

મોક્ષને માન્યા પછી પણ અનેક મતપક્ષો અનેક પ્રકારે મોક્ષને માને છે. તેમાં યથાર્થ અને વાસ્તવિક મોક્ષ શું છે તે પણ નક્કી થવું જરૂરી છે. અન્ય મતો માને છે એ પ્રમાણે સશરીરી અવસ્થામાં મોક્ષ નથી. મોક્ષ પામેલ પરમાત્મા ફરીને અવતાર ધરતો નથી. પરિગ્રહ સહિતની અવસ્થા કે સુષુપ્ત અવસ્થા એ પણ મોક્ષ નથી. કેટલાક મતો આત્માના અભાવને મોક્ષ માને છે તેવું પણ મોક્ષનું સ્વરૂપ નથી. સ્ત્રીઓનો પણ મોક્ષ હોતો નથી.

અન્યમતો અનુસાર મોક્ષ પ્રાપ્ત પરમાત્મા બુદ્ધ, કૃષ્ણ, બ્રહ્મા, મહેશ વગેરે છે તેઓ બુદ્ધને સુગત, કૃષ્ણને ગિરિધર, બ્રહ્માને વાગીશ્વર અને મહેશને શિવ પણ કહે છે. પરંતુ અન્યમતોના આ પરમાત્મા આપણા જેવા સંસારી અને મોહમુગ્ધ જ જણાય છે.

જૈનમત અનુસારનાં જ મોક્ષપ્રાપ્ત પરમાત્મા શોભા અને સંપૂર્ણતાને પ્રાપ્ત હોવાથી સાચા સુગત છે. જૈનમતના મોક્ષમાં જ આત્માના અનંતવીર્યની પ્રગટતા દ્વારા કર્મરૂપી પર્વતને જડમૂળથી ઉખેડી નાખ્યો હોવાથી તેના પરમાત્મા જ સાચા ગિરિધર છે. મોક્ષ પ્રાપ્ત પરમાત્માએ અગાઉ અરિહંત દશામાં દિવ્યવાણી વડે ભવ્યજીવોને હિતોપદેશ આપેલ હોવાથી તેઓ જ સાચા વાગીશ્વર છે અને આ જ પરમાત્મા જગતના જીવોના કલ્યાણનું કારણ હોવાથી સાચા શિવ છે. તેથી જૈનમત અનુસારનો જ મોક્ષ અને મોક્ષપ્રાપ્ત પરમાત્મા સ્વીકાર્ય છે. મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારીદેવના શબ્દોમાં —

**त्वयि सति परमात्मन्, माहशान् मोहमुग्धान्**
**कथम तनुवशत्वान्, बुद्धकेशान्यजेडहम् ।**
**सुगतमगधरं वा, वागधीशं शिवं वा**
**जितभवमभिवन्दे, भासुरं श्रीजिनं वा ।।**

**ભાવાર્થ: હે જિન પરમાત્મા ! તારા અસ્તિત્વનો સ્વીકાર કર્યા પછી હું મારા જેવા મોહમુગ્ધ અને કામવશ હોય એવા અન્યમતોના માન્ય એવા કહેવાતા પરમાત્માને કેમ સ્વીકારું ?**

**જગતના કહેવાતા બુદ્ધ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશે ભવોને જીત્યા નથી. પણ તમો જ ભવોને જીતનાર એવા જિન હોવાથી તમને જ સાચા સુગત, ગિરિધર, વાગીશ્વર કે શિવ કહી શકાય છે.** (નિયમસાર: તાત્પર્યવૃત્તિ: શ્લોક નં.૧)

### ટિપ્પણ

૧. **વજૂદ** ખરાપણું, વાસ્તવિકતા. ● ૨. **ચ્યૂત** છૂટવું, અલગ થવું. ● ૩. **નિરસન** નિરાકરણ, ખંડન, નાશ. ● ૪. **કુંઠિત** સંધાઇ જવું, રોકાઇ જવું ● ૫. **તારતમ્યતા** વધઘટ, હાનિવૃદ્ધિ. ● ૬. **આત્યંતિક** આખરી, છેવટનું. ● ૭. **અભિભૂત** પરાજીત, હારેલ. ● ૮. **કનિષ્ઠ** છેક ઉતરતું, હલકામાં હલકું. ● ૯. **શિરપાવ** શાબાશી, ઈનામ, ઇલકાબ. ● ૧૦. **બળાપો કાઢવો** પોતાના દિલની બળતરા, સંતાપ કે કઢાપો વ્યકત કરવો. ● ૧૧. **પુંલ્લિંગ** નરજાતિ. ● ૧૨. **અવીને** અવતરીને. ● ૧૩. **અશાતના** અવિનય. ● ૧૪. **પ્રવજ્યા** દીક્ષા, સન્યાસ. ● ૧૫. **ખમીર** જોરા, તાકાત, સામર્થ્ય. ● ૧૬. **અનુરક્ત** રંગાયેલ, આસક્ત.

### સંદર્ભ ગ્રંથો


પ્રાસ્તાવિક ૧. આત્મસિદ્ધિ: ગાથા ૯૯

**મોક્ષની સિદ્ધિના મુદ્દાઓ**

૧. સંસાર જ મોક્ષની સિદ્ધિ ક રેછે ૧. સર્વાર્થસિદ્ધિ: ૨, ૧૦, ૧૬૪/૫:૯/૭/૪૧૫/૧ ● ૨. તત્ત્વાર્થસૂત્ર: અધ્યાય ૧૦નો ઉપસંહાર: ૫: પાનું ૬૨૨; ● ૩. પ્રવચનસાર: ગાથા ૧૨૦; ● ૪. જૈ.સિ.કોશ: ભાગ: ૪: સંસાર: ૧/૧, પાનુ ૧૪૬.

૨. સંસારદ શા એ સોપાધિક હોવાથી નિરૂ પાધિક એવી મોક્ષદ શા પણ અવશ્ય હોવી જોઇએ.૧. તત્ત્વાર્થરાજવાર્તિક: ૧૦/૨/૩/૬૪૧/૧; ૧૦/૪/૧૭/૬૪૪/૧૩;●૨. બૃહદ્દ્રવ્ય સંગ્રહ: ગાથા ૩૭ની ટીકા;●૩. મોક્ષમાર્ગ પ્રકાશક: અધ્યાય ૩: પાનુ ૪૫૯●૪. જૈ.સિ.કોશ: ભાગ: ૩: મોક્ષ: ૬/૩,૪ પાનુ ૩૩૦, ૩૩૧;●૫. તત્ત્વાર્થસાર: અધ્યાય: ૮: ગાથા ૬,૮,૯,૧૨,૩૦.

૩. સંસારદ શાસહેતુક હોવાથી તેના વડે અહેતુક મોક્ષની સિદ્ધિ થાય છે ૧. સમયસાર: ગાથા ૧૭૭–૭૮ને ટીકા;●૨. બૃહદ્દ્રવ્યસંગ્રહ: ગાથા ૩૭ની ટીકા;●૩. તત્ત્વાર્થરાજવાર્તિક: ૧૦/૨/૩/૬૪૧/૧;●૪. કષાયપાહુડ: ૧/૧-૧/૬૩૮/૫૬/૯; ૧/૧-૧/૬૪૨/૬૦/૧;●૫. આપ્તપરીક્ષા: ટીકા/૧૧૧/૬ ૨૯૧/૩૪૩/૧૦;●૬. ધવલ: ૯/૪,૧/૪૪/૧૧૭/૯; ૯/૪,૧/૪૪/૧૧૮/૧,૨;●૭. સ્યાદ્વાદમંજરી: ૧૭/૨૩૬/૯, ૨૯;●૮. જૈ.સિ.કોશ: મોક્ષ: ૬/૩,૪, પાનુ ૩૩૦–૩૩૧.

૪. સર્વજ્ઞની સિદ્ધિથી મોક્ષની સિદ્ધિ છે ૧. પંચાસ્તિકાયસંગ્રહ: ગાથા ૨૯ અને તેની ટીકા તથા ભાવાર્થ; ●૨. સ્વામીકાર્તિકેયાનુ પ્રેક્ષા: ગાથા ૩૦૩ અને તેની ટીકા; ●૩. સિદ્ધિવિનિશ્ચય: શ્લોક ૮ અને તેની ટીકા;●૪. ન્યાયવિનિશ્ચય: શ્લોક ૩ ની ટીકા;●૫. બૃહદ્દ્રવ્ય સંગ્રહ: ગાથા ૫૦ ની ટીકા;●૬. આપ્તપરીક્ષા: શ્લોક ૯૬ થી ૧૧૦;●૭. કષાયપાહુડ: ૧/૧/પ્રકરણ–૩૧/૪૪;●૮. સ્યાદ્વાદમંજરી: ૧૭/૨૩૧/૬;●૯. આપ્તમીમાંસા: શ્લોક ૫;●૧૦. ન્યાયબિંદુ: શ્લોક ૩૬૧, ૩૬૨;●૧૧. જૈ.સિ.કોશ: ભાગ ૨: કેવલજ્ઞાન: ૪: પાનુ ૧૪૯ થી ૧૫૧. ●૧૨. પં. ભાગચંદજી છાબડાકૃત સર્વજ્ઞ સત્તાસ્વરૂપ.

૫. આત્મા પોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે .પરિપૂર્ણ સ્વભાવથી પ્રગટ તાએ જ મોક્ષ છે ૧. પ્રવચનસાર: ગાથા ૬૮, ૧૯૨, ૨૩૫ અને તેની ટીકા; ●૨. પંચાસ્તિકાય સંગ્રહ: ગાથા ૭૮ ની ટીકા;●૩. પંચાધ્યાયી: પૂર્વાર્ધ: ગાથા ૭૩, ૧૦૯, ૧૧૦, ૧૧૧ અને તેની ટીકા;●૪. સમયસાર: ગાથા ૧૮૯ અને તેની ટીકા; ●૫ બહેનશ્રીનાંવચનામૃત: ૨૩૫, ૨૩૬, ૨૫૧, ૨૮૧, ૨૯૯, ૩૦૫, ૩૮૪, ૪૧૪;●૬. ગુરુદેવશ્રીનાવચનામૃત: નં.૬, ૧૭, ૨૮૧;●૭. તત્ત્વાર્થસૂત્ર: અધ્યાય ૫, સૂત્ર ૪૧.

### મોક્ષ સંબંધી મિથ્યા માન્યતાઓનું નિરાક રણ.

૧. શ્રીમદ્ રાજચંદ્ર: આત્મસિદ્ધિ: ગાથા ૮૭ થી ૯૫●૨. પદ્મપુરાણ: શ્લોક ૧ નો ભાવાર્થ, પાનું ૪;●૩. પરમાત્મપ્રકાશ: અ–૨, ગાથા ૬ નો ભાવાર્થ.

૧. સશરીરી અવસ્થા એ મોક્ષ નથી. ૧. બૃહદ્દ્રવ્ય સંગ્રહ: ગાથા ૧૪, ૫૧ અને તેની ટીકા;●૨. તિલ્લોયપણ્ણત્તિ: ૯, ૧૦, ૧૬;●૩. નિયમસાર: ગાથા ૧૭૬ થી ૧૮૮.

૨. પુનર્ભવ એ મોક્ષનું સ્વરૂ પનથી. ૧. યોગસારપ્રાભૃત: અધ્યાય ૭: મોક્ષ અધિકાર: ગાથા ૧, ૯, ૧૮, ૨૭, ૫૪.●૨. મોક્ષ માર્ગ પ્રકાશક: અધ્યાય ૫: અવતારમીમાંસા: પાનુ ૧૧૫ થી ૧૧૯;●૩. નિયમસાર: ગાથા ૧૭૯–૮૧ અને તેની ટીકા;●૪. ભગવતી આરાધના: ગાથા ૧૧ ની ટકા;●૫. દ્રવ્યસાર: ગાથા ૬ ની જયસેનાચાર્યકૃત ટીકા; ●૬. સમયસાર: ગાથા ૩૦૫ ની જયસેનાચાર્યકૃત ટીકા: ●૭. રત્નકરંડ શ્રાવકાચાર: ગાથા ૧૩૧●૮. તિલોયપણ્ણત્તિ: ૧/૪૯ ●૯. તત્ત્વાર્થરાજવાર્તિક: ૧૦/૨/૩/૬૪૧/૬ પર ઉદ્ધૃત:●૧૦. ધવલ : ૪, ૧, ૫, ૩૧૦ / ૪૭૭/૫●૧૧. જૈ.સિ.કોશ: ભાગ–૨: નિર્વાણ: પાનુ ૬૨૬; નિવૃતિ: પાનુ ૬૨૭; નિઃશ્રેયસ: પાનુ ૫૯૭; ભાગ:૩: મોક્ષ: ૨/૪, પાનુ ૩૨૪, ૩૨૫;●૧૨. સ્યાદવાદ મંજરી: શ્લોક ૨૯નો ભાવાર્થ:

૩. પરિગ્રહ સહિતની અવસ્થા એ મોક્ષ નથી.૧. તત્ત્વાર્થસૂત્ર: અધ્યાય ૭, સુત્ર ૧૭, ૨૮;●૨. દર્શનપાહુડ: ગાથા ૧૪ ની ટીકા;●૩. સમયસાર: ગાથા ૨૧૦ની ટીકા; ●૪. સૂત્રપાહુડ: ગાથા ૧૯;●૫. ભગવતી આરાધના: ગાથા ૧૧૨૧, ૧૯૧૨.

૪. સુષુપ્ત અવસ્થા એ મોક્ષ નથી.૧. ષટ્દર્શન સમુચ્ચય: શ્લોક–૪૪ અને તેની ટીકા;●૨. સર્વાર્થસિદ્ધિ: ૮/૭/૩૮૩/૫;●૩. તત્ત્વાર્થરાજવાર્તિક: ૮/૭/૨/૫૭૨/૬; ●૪. જૈ.સિ.કોશ: ભાગ ૨: નિંદ્રા: પાનુ ૬૦૮: ભાગ–૪: સાંખ્ય: પાનુ ૩૯૮, ૩૯૯;●૫ તત્ત્વાર્થસાર: અ.૮, ગાથા ૫૦, ૫૧, પાનુ ૪૧૯.

૫. આત્માનો અભાવ તે મોક્ષ નથી. ૧. સિદ્ધભક્તિ: ૨;●૨. તત્ત્વાર્થરાજવાર્તિક: ૧/૧ની ઉત્થાનિત/૮/૨/૩; ૧૦/૪/૧૭/૬૪૪/૧૩;●૩. સ્વયંભૂસ્તોત્ર: શ્લોક ૫ની ટીકા;●૪. ધવલ: ૬/૧, ૯–૧/૨૩૩/ગાથા ૨–૩/૪૯૭; ૬/૧, ૯–૯/૨૧૬/૪૯૦/૪;●૫ પંચાસ્તિકાય સંગ્રહ: ગાથા ૩૫, ૩૭ અને તેની ટીકા;●૬. સિદ્ધિવિનિશ્ચય: શ્લોક ૭. ●૭. પરમાત્મપ્રકાશ: અધ્યાય ૨, ગાથા ૬ નો ભાવાર્થ;●૮. ષડ્દર્શન સમુચ્ચય: શ્લોક ૭, ૬૧, ૬૨, ૬૩, ૮૦; ●૯. જૈ.સિ.કોશ: ભાગ–૩: મોક્ષ: ૬/૧, પાનુ ૩૨૯.

૬. પુંલ્લિંગ સિવાય અન્ય લિંગથી મોક્ષ નથી. ૧. સર્વાર્થસિદ્ધિ: ૧૦/૯/૪૭૨/૫;●૨. તત્ત્વાર્થરાજવાર્તિક: ૧૦/૯/૫/૬૪૬/૩૨.●૩. શીલપાહુડ: ગાથા ૨૯; ●૪. પ્રવચનસાર: ગાથા ૨૨૫ અને પ્રક્ષેપક ગાથાઓ;●૫. મોક્ષપાહુડ: ગાથા ૧૨ ની ટીકા;●૬. યોગસારપ્રાભૃત: અધ્યાય ૮, ગાથા ૪૫ થી ૪૯;●૭. સૂત્ર પાહુડ: ગાથા ૨૨; ૨૪ ●૮. ધવલ: ૧/૧, ૧, ૯૩/ ૩૩૧/૩; ૧/૧, ૧,૯૩/ ૩૩૩/૪; ૧૧/૪,૨,૬/૧૨/૧૧૪/૧૧;●૯. જ્ઞાનાર્ણવ: સર્ગ ૧ : શ્લોક ૧;●૧૦. મોક્ષમાર્ગપ્રકાશક: અધ્યાય:૫: શ્વેતાંબરમત નિરાકરણ: પાનુ ૧૫૭;●૧૧. જૈ.સિ.કોશ ભાગ : ૪ : મોક્ષ : ૪/૫, પાનુ ૩૨૭; વેદ : ૭ : સ્ત્રીપ્રવ્રજ્યા અને મુક્તિ નિષેધ : પાનુ ૫૮૮ થી ૫૯૦. ●૧૨. ષડ્દર્શન સમુચ્ચય: કારિકા ૫૨, પેરા ૨૭૧ થી ૨૮૪, પાનુ ૩૦૧ થી ૩૦૮.

ઉપસંહાર ૧. શ્રીમદ્ રાજચંદ્ર: વર્ષ ૧૦મું: મોક્ષ માળા: શિક્ષાપાઠ ૯૭; ●૨. શ્રી હરિભદ્રસૂરિકૃત: લોકતત્ત્વનિર્ણય: અ–૧, શ્લોક ૩૮.

## હેતુલક્ષી પ્રશ્નો

**નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુના ચોરસમાં☐દર્શાવો.**

**૧. મોક્ષનીસાબિતિ પરોક્ષ પ્રમાણથી શા માટે ?** ૧.☐
A. પ્રત્યક્ષપ્રમાણથી તેની સાબિતિ શક્ય નથી
B. પ્રત્યક્ષ પ્રમાણથી પરોક્ષ પ્રમાણ વધુ સચોટ છે
C. વર્તમાનમાં મોક્ષનો અભાવ છે
D. અનેક ધર્મમતો અનેક પ્રકારે મોક્ષ માનતા હોવાથી

**૨. મોક્ષની સાબિતિ નીચેપૈકી ક્યા પ્રકારેયોગ્ય નથી ?** ૨.☐
A. જગતનો કર્તા–હર્તા કોઇ પરમાત્મા હોવો જોઇએ
B. સંસાર જ મોક્ષને સિદ્ધ કરે છે
C. સર્વજ્ઞની સિદ્ધિથી મોક્ષની સિદ્ધિ છે
D. સ્વભાવની પરિપૂર્ણતા મોક્ષને સિદ્ધ કરે છે

**૩. વાસ્તવિક આત્માનો સંસાર શું છે ?** ૩.☐
A. આત્માને સંસાર જ નથી
B. પોતાની પરિણતિની અસ્થિરતા
C. શરીર–મન–વાણી
D. સ્ત્રી–પુત્ર–પરિવાર

**૪. આત્માની સોપાધિક દશા કેવી હોય છે ?** ૪.☐
A. નિરાવરણ B. અનાદિ–અનંત.
C. ક્ષણિક અને નાશવંત D. કાયમી અને અવિનાશી

**૫. જીવના કર્મબંધનનું મૂળકારણ શું છે ?** ૫.☐
A. સંસારદશા B. શરીર
C. જૂના કર્મનો ઉદય D. મિથ્યાત્વાદિ વિકારી ભાવો

**૬. નવા કર્મબંધનનું કારણ જૂના કર્મનો ઉદય છે. પણ આ કારણનું પણ કારણ કોણ છે?** ૬.☐
A. જીવના ભવિતવ્યને દર્શાવતી તત્સમયની યોગ્યતા
B. અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાય સંયુકત આત્મદ્રવ્ય
C. અનાદિ પરંપરાથી ચાલી આવતી કર્મસંતતિ
D. જીવના રાગ–દ્વેષ–મોહાદિ વિકારી ભાવો

**૭. અત્યારે કોણ સર્વજ્ઞ નથી ?** ૭.☐
A. શાસનનાયક શ્રી મહાવીર ભગવાન
B. વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર ભગવાન
C. ભાવિ તીર્થાંધિનાથ શ્રી સૂર્યકીર્તી ભગવાન
D. વિદેહક્ષેત્રમાં બિરાજમાન સામાન્ય કેવળી ભગવાન

૮. આત્મસ્વભાવની પરિપૂર્ણતાનું કારણ શું છે? ૮.☐
A. આત્માનો સ્વભાવ અનાદિ-અનંત છે
B. આત્મા પોતાના સ્વભાવથી શુદ્ધ છે
C. આત્મા પોતાના સ્વભાવથી ચૈતન્યમય છે
D. આત્માનો સ્વભાવ અનંતગુણોથી ભરપૂર છે

૯. જૈનમત અનુસારનો મોક્ષ કેવો છે ? ૯.☐
A. સત્ય અને સનાતન
B. સશરીરી અને સાલંબી
C. સહેતુક અને સોપાધિક
D. પુનર્ભવ અને પરિગ્રહ ધરાવનારો

૧૦. શા માટે મોક્ષના કોઈ પ્રકાર હોતા નથી ? ૧૦.☐
A. આત્માની શુદ્ધ દશા મોક્ષ હોવાથી
B. જૈનમત તેને એક જ પ્રકારે માનતો હોવાથી
C. અન્યમતની માન્યતા મિથ્યા હોવાથી
D. મોક્ષમાર્ગનું કથન એક જ પ્રકારે હોવાથી

૧૧. શરીરના કારણે આત્માને શું છે ? ૧૧.☐
A. બંધન B. ઈન્દ્રિયજ્ઞાન
C. ઈન્દ્રિય વિષયોની ઉપલબ્ધિ D. મોહ-રાગ-દ્વેષ

૧૨. શરીર અને આત્માની વચ્ચે કયા પ્રકારનો અભાવ છે ? ૧૨.☐
A. અત્યંતાભાવ B. અન્યોન્યાભાવ
C. પ્રાગભાવ D. પ્રધ્વંસાભાવ

૧૩. અરિહંત ભગવાન કેવા છે ? ૧૩.☐
A. સંપૂર્ણ કર્મોનો ક્ષય કરનારા B. સંસારી
C. દ્રવ્યમોક્ષ ધરાવનારા D. નિકલ પરમાત્મા

૧૪. અરિહંત ભગવાનનું સુખ કેવું નથી ? ૧૪.☐
A. અતીન્દ્રિય B. અનુપમ
C. અવ્યાબાધ D. અનંત

૧૫. પુનર્ભવ એ કોનું સ્વરૂપ છે ? ૧૫.☐
A. આત્માનું B. શરીરનું
C. મોક્ષનું D. સંસારનું

૧૬. નિર્વાણ કોને કહે છે? ૧૬.☐
A. ફરી અવતાર ધારણ કરે તેવા મોક્ષને
B. આત્માની સુષુપ્ત અવસ્થાને
C. આત્માના અભાવને
D. ફરી ફરી જન્મ-મરણનાં અભાવને

૧૭. દુષ્ટોનો સંહાર કરવા અને ભક્તોનો ઉદ્ધાર કરવા અવતાર ધારણ કરનાર જીવ કેવો હોય ? ૧૭.☐
A. જગતનો ન્યાયાધીશ
B. પરમ કરૂણામૂર્તિ
C. મોહથી અભિભૂત
D. પરમપિતા પરમેશ્વર

૧૮. જગત પ્રત્યે પરમાત્માનું કર્તવ્ય શું છે ? ૧૮.☐
A. કર્તા-હર્તા B. જ્ઞાતા-દૃષ્ટા
C. કલ્યાણ કરનાર D. સર્વોપરી ન્યાયાધીશ

૧૯. મોક્ષ પ્રાપ્તિ પછી ફરી સંસારમાં અવતરવાનું બને તો શું થાય ? ૧૯.☐
A. મોક્ષ પ્રાપ્તિનો પુરુષાર્થ એળે જાય
B. જગતનું કલ્યાણ થાય
C. દુષ્ટોનો સંહાર થાય
D. ભક્તોને ભગવાનના દર્શન થાય

૨૦. પરમાત્માનું અનંતબળ શું કામ કરે છે ? ૨૦.☐
A. સ્વરૂપની રચનાનું B. લોકોના કલ્યાણનું
C. વિશ્વની વ્યવસ્થાનું D. જગતના સર્જન-રક્ષણ-સંહારનું

૨૧. પારમાર્થિકપણે સાચો કરૂણાસાગર કોણ ? ૨૧.☐
A. સ્વદયા ધરાવનાર B. પરદયા ધરાવનાર
C. યશોધર મુનિરાજ
D. જગતના કલ્યાણ માટે અવતાર લેનાર ઈશ્વર

૨૨. કુદરતમાં ન્યાયની વ્યવસ્થા કોણ સંભાળે છે? ૨૨.☐
A. પૌદ્‌ગલિક કર્મતંત્ર
B. સુપ્રિમ કોર્ટ
C. પરમપિતા પરમાત્મા
D. જગત કાઝી અમેરિકા

૨૩. વાસ્તવિક પરિગ્રહ શું છે ? ૨૩.☐
A. શરીર B. ઈચ્છા
C. શુભભાવ D. વસ્ત્ર

૨૪. પરમાત્માની શોભા અને સુંદરતા કોનાથી છે ? ૨૪.☐
A. વસ્ત્રાભૂષણથી B. સમવસરણથી
C. ગુણોથી D. પ્રાતિહાર્યથી

૨૫. સાંખ્યમત અનુસાર મોક્ષનું સ્વરૂપ શું છે ? ૨૫.☐
A. પૂર્ણ જ્ઞાન
B. પૂર્ણ સુખ
C. પૂર્ણ સ્થિર
D. પૂર્ણ સુષુપ્ત

૨૬. જૈનમત અનુસાર કોનો અભાવ એ આત્માનો મોક્ષ છે ? ૨૬.☐
A. આત્માની પચીસ પૈકીના નવ ગુણોનો અભાવ
B. સ્વરૂપ સ્થિરતાનો અભાવ
C. આત્માનો અભાવ
D. સંસારનો અભાવ

૨૭. આત્માના કોઈ ગુણ નાશ પામે તો શું થાય ? ૨૭.☐
A. જે તે ગુણ નાશ પામે B. બધાં જ ગુણો નાશ પામે
C. આત્મા જ નાશ પામે D. આત્માનો મોક્ષ થાય

૨૮. આત્મા અને તેના મોક્ષને જ નહિ માનનાર એવો નાસ્તિક મત કયો છો ? ૨૮.☐
A. બૌદ્ધ B. ચાર્વાક
C. જૈન D. સાંખ્ય

૨૯. સમ્યગ્દષ્ટિ ધર્માત્મા સમ્યગદર્શનના સદ્‌ભાવમાં કયા પ્રકારના લિંગનું આયુષ્ય બાંધે છે ? ૨૯.☐
A. પુંલિંગ B. સ્ત્રીલિંગ
C. નપુંસક લિંગ. D. ત્રણ પૈકીના કોઈ પણ પ્રકારનું લિંગ

૩૦. શા માટે સ્ત્રીલિંગને નિંદ્ય માનવામાં આવે છે ? ૩૦.☐
A. સ્ત્રીઓ આત્મિક પુરુષાર્થમાં પ્રમાદી હોવાથી
B. સ્ત્રીલિંગ સાવરણ હોવાથી
C. સ્ત્રીઓ ઈર્ષાળુ અને માયાચારી હોવાથી
D. સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ હોવાથી

૩૧. તીર્થંકર જેવા મહાત્માને સ્ત્રી માનવી એ શું છે ? ૩૧.☐
A. અશાતના B. અછેરૂં
C. અતિશય D. સ્ત્રીઓની મહાનતા

૩૨. મોક્ષમાર્ગમાં સ્ત્રીઓ ક્યાં સુધી પહોંચી શકે છે? ૩૨.☐
A. પાંચમા ગુણસ્થાન B ચોથા ગુણસ્થાન
C. નવમા ગુણસ્થાન D. ચૌદમા ગુણસ્થાન

**૩૩. શા માટે સ્ત્રીઓ શુકલ ધ્યાન ધારણ કરી કેવળજ્ઞાન અને મોક્ષ પામી શકતી નથી ?** ૩૩. ☐
A. ઉત્તમ સંસ્થાનનો અભાવ હોવાથી
B. ઉત્તમ સંહનનનો અભાવ હોવાથી
C. ઉત્કૃષ્ટ પ્રતિમા ધારણ નહિ કરી શકતી હોવાથી
D. ધર્મધ્યાન પણ ધારણ કરી શકતી ન હોવાથી

**૩૪. દ્રવ્ય સ્ત્રીવેદનો ઉદય ક્યાં સુધી સંભવે છે ?** ૩૪. ☐
A. નવમા ગુણસ્થાન
B. સાતમા ગુણસ્થાન
C. પાંચમા ગુણસ્થાન
D. ચોથા ગુણસ્થાન

**૩૫. અરિહંત ભગવાનને ક્યા પ્રકારના ભાવવેદનો ઉદય હોય છે ?** ૩૫. ☐
A.પુરુષવેદ B. સ્ત્રીવેદ
C. નપુંસકવેદ D. કોઈ પણ પ્રકારનો નહિ

**૩૬. કઈ બાબતમાં પુરુષો સ્ત્રીઓ કરતાં આગળ હોય છે ?** ૩૬. ☐
A. સુકોમળતા B. સહિષ્ણુતા
C. સૌમ્યતા D. મોક્ષ

**૩૭. કઈ સ્ત્રી પૂજ્ય છે ?** ૩૭. ☐
A. ઈન્દ્રની ઈન્દ્રાણી B. તીર્થંકરની પત્ની
C. તીર્થંકરની માતા D. તીર્થંકરની દીકરી

**૩૮. આર્યિકાઓ શા માટે પૂજ્ય છે ?** ૩૮. ☐
A. એક વસ્ત્રધારી અને એકવાર ભોજન કરનારી હોવાથી
B. મોક્ષમાર્ગની આરાધનામાં અનુરક્ત હોવાથી
C. ઉપસર્ગ અને પરિષહને સહન કરનારી હોવાથી
D. ઉત્કૃષ્ટ પ્રતિમાની ધારક હોવાથી

**૩૯. આત્માનું હિત શેમાં છે ?** ૩૯. ☐
A. મોક્ષ અને મોક્ષ માર્ગમાં
B. સત્તા અને સંપતિમાં
C. લોકકલ્યાણ અને સમાજસેવામાં
D. ભોગ અને ઉપભોગમાં

**૪૦. અન્યમતોના કહેવાતા પરમાત્મા કેવા હોય છે ?** ૪૦. ☐
A. સંસારી અને મોહમુગ્ધ
B. સર્વશક્તિમાન અને સર્વોચ્ચ ન્યાયધીશ
C. નિરૂપાધિક અને અહેતુક
D. વીતરાગ અને સર્વજ્ઞ

## સૈદ્ધાંતિક પ્રશ્નો

**નીચે આપેલા પ્રશ્નોના એક કે બે વાક્યમાં ટૂંકા જવાબ આપો.**

૧. સંસારનો માર્ગ શું છે ?
૨. મોક્ષનો માર્ગ શું છે ?
૩. જે બંધનું કારણ હોય તે મોક્ષનું કારણ કેમ ન થાય ?
૪. સંસાર કોને કહે છે ?
૫. વિરોધીનું અસ્તિત્વ હોવું એ કેવો સિદ્ધાંત છે ?
૬. સંસારનું સ્વરૂપ શું છે ?
૭. વ્યવહારથી સંસાર કોને કહેવામાં આવે છે ?
૮. નિશ્ચયથી સંસાર કોને કહેવામાં આવે છે?
૯. વર્તમાનમાં આત્મા કઈ રીતે મુક્ત છે ? અને કઈ રીતે બંધનમાં છે ?
૧૦. આત્માના પરાશ્રયનું કારણ શું છે ?
૧૧. આત્માની સોપાધિક દશાને શું કહે છે ?
૧૨. આત્માની સોપાધિક દશા કઈ રીતે ટળે ?
૧૩. આત્માની નિરૂપાધિક દશા ને શું કહે છે ?
૧૪. આત્માની નિરૂપાધિક દશા કઈ રીતે પ્રગટે છે ?
૧૫. સંસારદશાનો હેતુ શો છે ?
૧૬. સર્વજ્ઞદશા કોને કહે છે ?
૧૭. સર્વજ્ઞને કોણ જાણી શકે છે ?
૧૮. સામાન્યપણે દ્રવ્યની પર્યાય કેવી હોવી જોઈએ ?
૧૯. મોક્ષ એ શું છે ?
૨૦. જૈનમતનો મોક્ષ કેવો છે ?
૨૧. આત્મા અને શરીર વચ્ચે ક્યા પ્રકારનો અભાવ છે ? શા માટે ?
૨૨. બંધ કોને કહે છે ?
૨૩. શરીર સાથેના સંયોગને કારણે આત્માને શું હોય છે ?
૨૪. શરીર-સાથેના બંધના કારણે આત્માને શું થાય છે ?
૨૫. પરાધીનતા એટલે શું ?
૨૬. પરતંત્રતા કોને કહેવાય ?
૨૭. શા માટે શરીર એ આત્માને બંધન કહેવાય ?
૨૮. અરિહંત ભગવાનને કયા પ્રકારે મોક્ષ છે ?
૨૯. અરિહંત ભગવાનનું સુખ કેવું છે ? અને કેવું નથી ?
૩૦. અરિહંત ભગવાનને કયો દોષ છે ? કઈ રીતે ?
૩૧. મોક્ષપ્રાપ્ત પરમાત્માને સશરીરી માનવામાં શો દોષ આવે ?
૩૨. ભવ કોને કહે છે ?
૩૩. ભવનું સ્વરૂપ શું છે ?
૩૪. અવતારવાદની મિથ્યા માન્યતા પ્રમાણે કયા કારણે પરમાત્માનો પુનર્ભવ માનવામાં આવે છે ?
૩૫. મોક્ષના સમાનાર્થી નામો કહો.
૩૬. મોક્ષ કોને કહે છે ?
૩૭. મોક્ષનું સ્વરૂપ શા માટે અપુનર્ભવ છે ?
૩૮. નિર્વાણ કોને કહે છે ?
૩૯. નિર્વાણનું સ્વરૂપ અપુનર્ભવ કઈ રીતે ?
૪૦. નિવૃત્તિ એટલે શું ?
૪૧. નિવૃત્તિનું સ્વરૂપ અપુનર્ભવ શા માટે ?
૪૨. નિઃશ્રેયસ કોને કહે છે ?
૪૩. નિઃશ્રેયસ કઈ રીતે ભવ અને ભવના ભાવથી વિરુદ્ધ છે ?
૪૪. ભાસ્વર કોને કહે છે ?
૪૫. ભાસ્વર કઈ રીતે મોક્ષના અપુનર્ભવ સ્વરૂપને દર્શાવે છે ?
૪૬. દુષ્ટોનો સંહાર કે ભકતનો ઉદ્ધાર કરવાનો ભાવ કેવો છે ? તે કયા જીવને હોય ?
૪૭. જગતના જીવોનું કલ્યાણ કઈ રીતે છે ?
૪૮. જગતમાં કુદરતી ન્યાયની વ્યવસ્થા કઈ છે ?
૪૯. જો એક દ્રવ્ય બીજા કઈ દ્રવ્યનું કોઈ કાર્ય કરે તો શું થાય ?
૫૦. પરમાત્મા કયા પ્રકારે કરૂણા સાગર છે ?
૫૧. પરિગ્રહ કોને કહે છે ?
૫૨. આંતરપરિગ્રહ એ શું છે ?
૫૩. બાહ્યપરિગ્રહ એ શું છે ?
૫૪. પરમાત્માની શોભા શેનાથી છે ?
૫૫. સુષુપ્ત અવસ્થા કોને કહે છે ?
૫૬. મોક્ષમાં નિદ્રા શા માટે ન હોય ?
૫૭. મોક્ષ પ્રાપ્ત પરમાત્મા કઈ રીતે પૂર્ણ જાગૃત કહેવાય ?
૫૮. આત્માનો અભાવ કોને કહે છે ?
૫૯. બૌદ્ધમત અનુસાર મોક્ષ કયા પ્રકારે છે ?
૬૦. વૈશેષિકો આત્માનો મોક્ષ કોને માને છે ?
૬૧. જૈન મતાનુસાર કયાં લિંગથી મોક્ષ છે ?
૬૨. કયા પ્રકારના મનુષ્યો મોક્ષને યોગ્ય હોય છે ?
૬૩. સ્ત્રીઓને શા માટે 'પ્રમદા' પણ કહેવામાં આવે છે ?
૬૪. અછેરા એટલે શું?

૬૫. સ્ત્રીઓનું વધુમાં વધુ પાપ અને વધુમાં વધુ પુણ્ય કેટલું હોય છે ?
૬૬. મોક્ષમાર્ગમાં સ્ત્રીઓ કયાં સુધી આગળ જઇ શકે છે?
૬૭. જિનેન્દ્ર ભગવાને સ્ત્રીલિંગ કેવું કહ્યું છે ?
૬૮. સ્ત્રીઓમાં કયા પ્રકારનું સંહનન સંભવતું નથી ?
૬૯. સ્ત્રીઓમાં કયા પ્રકારનું ધ્યાન સંભવતું નથી ?
૭૦. મુનિદશા, અરિહંતદશા અને અયોગી કેવળીની દશા કયા લિંગમાં હોય છે ?
૭૧. આત્માનું હિત શેમાં છે ?
૭૨. અન્યમતના સુગત, ગિરિધર, વાગીશ્વર અને શિવ કેવા છે ?
૭૩. જૈનમતના પરમાત્મા 'જિન' શા માટે કહેવાય છે ?

## નીચે આપેલ પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૧. કોનાથી કર્મબંધ થાય છે અને કોનાથી ટળે છે ?
૨. મોક્ષની સાબિતિ કઇ રીતે આપવામાં આવે છે ? શા માટે ?
૩. મોક્ષની સાબિતિ કેટલા પ્રકારે આપી શકાય છે ? તે દરેકના નામ આપો.
૪. સંસાર જ મોક્ષની સિદ્ધિ કઇ રીતે કરે છે ?
૫. જીવને બંધન કેટલા પ્રકારે છે ? કયા કયા ? અને તે કઇ રીતે ટળે છે ?
૬. સંસારદશા શા માટે સોપાધિક છે ? સોપાધિક સંસાર વડે નિરૂપાધિક મોક્ષની સિદ્ધિ કેવી રીતે થાય ?
૭. સહેતુક સંસારદશા વડે અહેતુક મોક્ષ દશાની સિદ્ધિ કઇ રીતે થાય ?
૮. અનાદિ કર્મબંધનની પરંપરા કઇ રીતે ટળે ?
૯. સર્વજ્ઞની સિદ્ધિથી મોક્ષની સિદ્ધિ કઇ રીતે છે ?
૧૦. સર્વજ્ઞદશા કઇ રીતે પ્રગટે છે ?
૧૧. પ્રમેયત્વગુણ શું છે ? અને તેના વડે શું સિદ્ધ થઇ શકે છે ? કઇ રીતે ?
૧૨. શા માટે કોઇ એમ ન કહી શકે કે જગતમાં સર્વજ્ઞ નથી ?
૧૩. જગતમાં જો સર્વજ્ઞ ન હોય તો શો દોષ આવે ?
૧૪. આત્મા પોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે તે કેમ નકકી થાય ? તેના આધારે મોક્ષની સિદ્ધિ કઇ રીતે થાય ?
૧૫. જો આત્મા પોતાના સ્વભાવથી પરિપૂર્ણ ન હોય તો શો દોષ આવે ? કઇ રીતે ?
૧૬. શા માટે મોક્ષના કોઇ પ્રકાર હોતા નથી ?
૧૭. જૈનમત અનુસારનું મોક્ષનું કેવું સ્વરૂપ છે કે જે બીજે કયાંય નથી.
૧૮. અન્યમતો મોક્ષને કયા પ્રકારનું માને છે ?
૧૯. મોક્ષ સંબંધી મુખ્ય મિથ્યા માન્યતાઓ કઇ કઇ છે ?
૨૦. સશરીરી અવસ્થા એ શા માટે મોક્ષ નથી ?
૨૧. શરીરના કારણે આત્માની કયા પ્રકારે પરાધીનતા અને પરતંત્રતા હોય છે ?
૨૨. અરિહંત ભગવાનનું સ્વરૂપ જણાવો.
૨૨. અરિહંત ભગવાન શા માટે સંસારી છે ?
૨૩. શા માટે પુનર્ભવ એ મોક્ષનું સ્વરૂપ નથી ?
૨૪. મોક્ષ પામેલ પરમાત્મા શા માટે ફરીને સંસારમાં અવતાર ધારણ કરતા નથી ?
૨૫. મોક્ષમાં ભવ અને ભવના ભાવરૂપ કયા કારણનો અભાવ છે કે જેના કારણે મોક્ષ પામેલ પરમાત્મા પુનર્ભવ પામતા નથી ?
૨૬. મોક્ષના સમાનાર્થી નામો કયા છે ? તે મોક્ષના અપુનર્ભવ સ્વરૂપને કઇ રીતે દર્શાવે છે ?
૨૭. દુષ્ટોનો સંહાર અને ભક્તોનો ઉદ્ધાર કરવા મોક્ષ પામેલ પરમાત્મા સંસારનો અવતાર ધારણ કેમ ન કરે ?
૨૮. દુષ્ટોને દંડ આપવો, ભક્તોનું ભલું કરવું, જીવોનું કલ્યાણ કરવું, જગતનો ન્યાય તોળવો જેવા પરલક્ષી કાર્યો શા માટે પરમાત્માના નથી ?
૨૯. પરમાત્મા કઇ રીતે સર્વશક્તિમાન છે અને કઇ રીતે નથી?
૩૦. પરમાત્મા કઇ રીતે કરૂણાસાગર છે અને કઇ રીતે નથી?
૩૧. પરમાત્મા કઇ રીતે સર્વોચ્ચ ન્યાયાધીશ છે અને કઇ રીતે નથી ?
૩૨. શા માટે પરિગ્રહ સહિતની અવસ્થાએ મોક્ષ નથી ?
૩૩. શા માટે સુષુપ્ત અવસ્થા એ મોક્ષ નથી ?
૩૪. બૌદ્ધમત કઇ રીતે મોક્ષ માને છે ? અને તે પ્રકારનો મોક્ષ શા માટે સંભવતો નથી ?
૩૫. વૈશેષિકો કયા પ્રકારને આત્માનો મોક્ષ માને છે ? અને તે પ્રકારે આત્માનો મોક્ષ શા માટે સંભવતો નથી ?
૩૬. ચાર્વાકમતની આત્માની ઉત્પત્તિ અને નાશ સંબંધી માન્યતા કયા પ્રકારે છે ? અને શા માટે તે યોગ્ય નથી ?
૩૭. શા માટે પુલિંગ સિવાય અન્ય લિંગથી મોક્ષ નથી ?
૩૮. તીર્થંકર શા માટે સ્ત્રીપર્યાયમાં સંભવતા નથી ?
૩૯. સ્ત્રીલિંગને શા માટે હીનકક્ષાનું અને નિંદ્ય માનવામાં આવ્યું છે?
૪૦. અછેરાના કારણે ઓગણીસમા તીર્થંકર સ્ત્રીવેદી થયા તેમ કેમ ન માની શકાય ?
૪૧. સ્ત્રીઓ શા માટે પ્રવજ્યાને પામી શકતી નથી ?
૪૨. આર્યિકા કોને કહે છે ? આર્યિકાનું સ્વરૂપ સમજાવો.
૪૩. શા માટે સ્ત્રીલિંગથી મોક્ષનો અભાવ છે?
૪૪. સિદ્ધાંતમાં ત્રણેય પ્રકારના વેદથી મોક્ષ માનવામાં આવ્યો છે તે કયા પ્રકારે છે ?
૪૫. સ્ત્રીઓ કેટલીક બાબતોમાં પુરુષોથી પણ આગળ છેતોપછી તેને મોક્ષની બાબતમાં પાછળ શા માટે માનવામાં આવે છે ?
૪૬. કેવી સ્ત્રીઓ પૂજ્ય છે ?
૪૭. સુગત કોને કહે છે ? શા માટે જૈનમત અનુસારના પરમાત્મા જ સાચા સુગત છે ?
૪૮. ગિરિધર કોને કહે છે ? શા માટે જૈનમત અનુસારના પરમાત્મા જ સાચા ગિરિધર છે ?
૪૯. વાગીશ્વર કોને કહે છે ? શા માટે જૈનમત અનુસારના પરમાત્મા જ સાચા વાગીશ્વર છે ?
૫૦. શિવ કોને કહે છે ? શા માટે જૈનમત અનુસારના પરમાત્મા જ સાચા શિવ છે ?

## તફાવત આપો. (કોઇપણ બે મુદ્દા)

૧. શરીર અને આત્મા
૨. પરાધીનતા અને પરતંત્રતા

## વિદ્યાર્થીઓની જુથ પ્રવૃત્તિ

૧. પ્રકરણની રૂપરેખામાંથી કોઇ એક મુદ્દો પસંદ કરી તેના ઉપરનો પ્રોજેકટ તૈયાર કરો.
૨. મોક્ષને સાબિત કરતો સંવાદ ભજવો.
૩. જુદા જુદા મતપક્ષો મોક્ષનું સ્વરૂપ જે પ્રકારે માને છે તેની યાદી તૈયાર કરો અને તેના આધારે જૈનમત મોક્ષની બાબતમાં અન્ય મતોથી કઇ રીતે જુદો પડે છે તેની તુલનાત્મક નોંધ તૈયાર કરો.

## શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પૂર્વભવના જાતિસ્મરણ જ્ઞાનની વાત કહો અને તેના આધારે મોક્ષની સિદ્ધિ કરો.
૨. મોક્ષનું સ્વરૂપ એક જ પ્રકારે હોય છે. તેનું કથન અનેક પ્રકારે થઇ શકતું હોવા છતાં તેનું સ્વરૂપ એક જ પ્રકારે હોય છે તે બાબત સમજાવો.
૩. અનેક પ્રકારના મતપક્ષો મોક્ષને અનેક પ્રકારે બનાવે છે તે પૈકી જૈનમત જ મોક્ષના યથાર્થ, તાર્કિક અને બુદ્ધિગમ્ય સ્વરૂપને રજૂ કરે છે. આ બાબતનો વિદ્યાર્થીઓ દ્વારા પૂછાતા પ્રશ્નોનો સંતોષકારી સમાધાન આપીને તેમ જ વિદ્યાર્થીઓને પણ તે પ્રકારના પ્રશ્નો પૂછીને વિષયની દ્રઢતા કરાવો.